કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૭ ● સપ્ટેમ્બર, ૨૦૧૮




કેરાલા હોનારત પીડિતો માટે રસ્તા પર
રાહદારીઓ પાસે સહાય ઉઘરાવતા પૂ.શ્રીરાજા
તથા આપણી સ્કૂલના તેમના સહપાઠીઓ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





1







2



3



૧. પ.પૂ.લાલજી મહારાજશ્રીનો ૨૧મો જન્મોત્સવ શિકાગો (અમેરિકા)મંદિર માં ધામધૂમથી ઉજવાયો તે પ્રસંગે કેક કાપી પ.પૂ.લાલજી મહારાજને તથા શ્રીરાજાને કેક ખવરાવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. શિકાગો (અમેરિકા) મંદિરના ૨૦માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી.અને આઈ.એસ.એસ.ઓ.ના સંતો સાથે અને સભામાં દર્શન આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીતથા પ.પૂ.લાલજી મહારાજશ્રી.૩. બિલિયા સિધ્ધપુરમાં શ્રી હનુમાજીના ૧૨૦માં પાટોત્સવ પ્રસંગે દર્શન.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● અંક : ૧૩૭

સપ્ટેમ્બર-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)
Mo. : 8238001666

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9099098969
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | છપ્પન ભોગ | ૦૬ |
| ૦૪. | શ્રીહરિકૃષ્ણને ભજો | ૦૮ |
| ૦૫. | ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આશીર્વચન | ૧૨ |
| ૦૬. | સંતોનાં તપ | ૧૪ |
| ૦૭. | દેશ દેશના હરિભક્ત | ૧૫ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૩ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૯ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૩૦ |

# અસ્મદીયમ્


એક નિષ્કામી વર્તમાન દ્રઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહીં, અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિં. અને અમે અહિંયા ટક્યા છીએ તે પણ અહિંયાના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દ્રઢાવ દેખીને ટક્યા છીએ અને જેને નિષ્કામી વર્તમાન દ્રઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્ચપ છે, ને તે જો, અમારી પાસે રહે છે, તો પણ તે તે લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્તના હાથની જ સેવા ગમે છે. (વ.ગ.મ.-૩૩)

આ અલૌકિક વચનામૃતમાંથી આપણે ઉપદેશ લઈને નિષ્કામી વર્તમાન દ્રઢ કરવું. તો સર્વોપરિ શ્રીહરિ આપણા ઉપર ખૂબજ રાજી થશે અને આપણા હાથની સેવા પણ સ્વીકારશે.

શ્રાવણ માસમાં સૌ ભક્તોએ હિંડોળાના દર્શન કરી અલૌકિક લાભ લીધો. ચોમાસાની ઋતુમાં ઉત્સવ ઉપર ઉત્સવ આવે છે. ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વરઘોડો, વિજ્યા દશમી દશેરાના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો જન્મોત્સવ આદિ ઉત્સવોના આપણે દર્શન કરીને આપણું કલ્યાણ અને મોક્ષ સાધી લેવો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ





# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૮)

| | |
|---|---|
| ૨ થી ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો દ્વિદશાબ્દી (૨૦ મો પાટોત્સવ) પાટોત્સવ મહોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો. |
| ૫ થી ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર કેનેડા ટોરન્ટો દશાબ્દી મહોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ઉજવાયો. |
| ૮ થી ૧૨ | અમેરિકા જર્યોજીયામાં ''દેવસ્ય''નું ભૂમિપૂજન મહામહોત્સવ પોતાની શુભ નિશ્રામાં ધર્મકુળની શુભ ઉપસ્થિતિમાં ઉજવાયો. |
| ૧૫ | સ્વદેશ આગમન |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૧૮)

| | |
|---|---|
| ૨ થી ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો દ્વિદશાબ્દી (૨૦ મો પાટોત્સવ) પાટોત્સવ મહા મહોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો. |
| ૫ થી ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર જેકશનવિલે-મીસીસીપી (અમેરિકા) પધરામણી. |
| ૭ થી ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી અને કોલોનીયા (અમેરિકા) પધરામણી. |
| ૯ થી ૧૨ | અમેરિકા જર્યોજીયામાં ''દેવસ્ય''નું ભૂમિ પૂજન મહામહોત્સવ પોતાની શુભ નિશ્રામાં અને ધર્મકુળની શુભ ઉપસ્થિતિમાં ઉજવાયો. |
| ૧૪ | સ્વદેશ આગમન. |

# છપ્પનભોગ



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી ભારતીય ઉત્સવ પરંપરામાં પ્રતિવર્ષ કારતક સુદી એકમ બેસતા વર્ષના દિવસે મંદિરોમાં ઠાકોરજીને છપ્પન ભોગ ધરાવવામાં આવે છે. તે ઉત્સવની શરુઆત અને છપ્પન વાનગીઓની પસંદગીની કથા પ્રત્યેક ભક્તોએ જાણવી જરૂરી છે. પરંપરાથી ઉજવાતા આ ઉત્સવનો મહિમા જાણવાથી તેનો આનંદ કોઈક વિશેષ આકર્ષણ વાળો બને. તેમાં પણ છપ્પનભોગનો ઉત્સવ એક મોક્ષદાયક પવિત્ર કથા સાથે જોડાયેલ છે. જ્યારે આ કથા જાણવામાં આવશે ત્યારે ભગવાનને ધરવામાં આવતી વાનગીયોની સંખ્યામાં કોઈ ઘટાડો કરવાનું મન થશે નહિ. તો જાણીયે કે કયા કથા પ્રસંગની સ્મૃતિઓમાં છપ્પનભોગ ધરવામાં આવે છે. પરબ્રહ્મ પરમાત્મા લીલા પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ મહાપ્રભુની વ્રજના પ્રેમલક્ષણાના અંગવાળા ભક્તોની ભક્તિને વશ થઈને અનંત બાળલીલાઓ કરી રહ્યા હતા તે સમયે અતિ ઉત્તમપવિત્ર કલ્યાણકારી ગોવર્ધનલીલા કરી. તેમાં ટચલી આંગળી પર ગિરિરાજ ગોવર્ધનને ધારણ કર્યા. કે જ્યારે સ્વર્ગાધિપતિ ઈન્દ્રને ખૂબજ અહંકાર આવ્યો ત્યારે શ્રીહરિએ તેનો વ્રજવાસીઓ તરફથી કરવામાં આવતો ઈન્દ્રયાગને બંધ રાખીને મહાપ્રભુએ ગોવર્ધન પર્વતની પૂજા કરી. તેથી અભિમાની ઈન્દ્રનો પ્રકોપ થયો અને તેના સત્તામાં આવેલ વરસાદ રુપી શસ્ત્ર વડે વ્રજવાસીઓને યમુનામાંના પ્રવાહ દ્વારા સાગર ભેગા કરી દેવાના પાપી ઈરાદાથી પ્રલયકારી મેઘ મોકલવામાં આવતા બાર મેઘને હુકમ કર્યો કે વ્રજ સાગરમાં પહોંચી જાય ત્યાં સુધી પ્રલયકારી વૃષ્ટિ કરો. ઈન્દ્રરાજાના હુકમથી સેવક બારેય મેઘે પોતાની સમ્પૂર્ણ શક્તિ વડે વ્રજવાસીઓ પર જલતાંડવ શરુ કર્યુ. વ્રજવાસીઓ ઈન્દ્રપ્રકોપ માનીને ભગવાન શ્રી બાલકૃષ્ણના શરણે આવ્યા. ત્યારે શ્રીહરિ કહે આપણે જે ગોવર્ધન પર્વતની પૂજા કરી તેના શરણે જઈએ તેઓ જરૂર આપણી સૌની રક્ષા કરશે. શ્રીહરિ વ્રજવાસીઓ અને ગૌધન તેમજ ઘરવખરી જે લઈ શકાય તે લઈને ગિરિરાજ પર્વતની સમીપે આવ્યા. ત્યારે અખિલ ભુવનના અધિપતિ પરબ્રહ્મ પરમાત્માએ લીલા માત્રથી પર્વતને વીશ હાથ ઉંચો કરીને મધ્યમાં શ્રીકૃષ્ણ ઉભા રહીને ટચલી (કનિષ્ઠિત) આંગળી પર એકવીશ કોશના વિસ્તાર ધરાવતા ગોવર્ધન પર્વતને ધારીને તમામ વ્રજવાસીઓને રક્ષણ આપ્યું. ગોપ-ગોપી, ગ્વાલબાલ, ગાયો, ગોવાળ આદિ અનંત શ્રીકૃષ્ણના સામુ જોઈને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. સતત સાત દિવસ સુધી મેઘરાજાએ શક્તિના પ્રયોગથી જલવર્ષા કરી. ત્યારે ગોવર્ધન પર્વત તળે આશ્રય લઈ રહેલા ગોપ-ગોપી, ગાયો શ્રીકૃષ્ણ ભગવાનના મુખારવિંદ સામુ જુવે ત્યારે ભૂખ, તરસ, નિંદ્રા આદિ તુપ્તિ થઈ જતી હતી. એટલે સાત દિવસનો સમય બહુ ઝડપથી પસાર થઈ ગયો. ઈન્દ્રના જલતાંડવ બાદ વ્રજવાસીઓને નિર્ભયથી જ્યારે વ્રજમાં હરતા ફરતા જોયા ત્યારે ઈન્દ્રિની શાન ઠેકાણે આવી અને જે વ્રજવાસીને પરબ્રહ્મ પરમાત્માનો આશરો હતો તેની ખબર ન રહી એટલે પોતે કરેલા ભગવાનના અક્ષમ્ય અપરાધથી ડરી ગયેલા ઈન્દ્રરાજા કામધેનુ ગાયના દૂધ વડે શ્રીહરિજીનો

મહાભિષેક કરી કરેલા અપરાધની ક્ષમા માગી અને સ્તુતિ કરી. તે દિવસથી દૂધથી ભગવાનનો અભિષેક કરીને ભગવાનના થયેલા જન્મો જન્મના અપરાધની ક્ષમા યાચના કરવામાં આવે છે. અને ભગવાન તત્કાળ ક્ષમા આપે છે. તેનો આ પ્રત્યક્ષ પુરાવો જોવો હોય તો આ ઈન્દ્રને કથાના દર્શન કરવાં એટલે આદિ અનાદિથી હરિ અને હરને દૂધનો અભિષેક કરવામાં આવે છે. પાપનું પ્રાયશ્ચિત અતિ બળવાન મહાભિષેક વિધિ સેવા છે.

સાત દિવસ સુધી શ્રીહરિ મહાપ્રભુજીને અન્નજળની સેવાથી વંચિત રહેલા વ્રજવાસીઓને ખૂબજ પસ્તાવો થયો એટલે દેશકાળને આધિન થયેલ સેવાની શરત ચૂકમાંથી મુક્તિ મેળવવા વ્રજવાસીઓ એ મનમાં નક્કી કર્યુ કે, શ્રીહરિ બાલકૃષ્ણજીને નિત્ય આઠ વાર પ્રાતઃકાળથી શયન પર્યંત સમય સમયના ભોગ ધરાવવામાં આવે છે. એટલે કુલ ચૂકી ગયેલા સાત દિવસને એક દિવસના આઠ ભોજનને સાતે ગુણવામાં આવે તો છપ્પનનો અંક આવે એટલે વ્રજવાસીઓએ સાથે મળીને ઘેર ઘેર ભિન્ન ભિન્ન શ્રીહરિને અતિ પ્રિય ભોગ ચાર પ્રકારના પદારથ (૧) લેય (૨) ચોસ્ય (૩) ભક્ષ્ય, ભોજ્યના રસથી ભરપૂર ભોગ બનાવીને કારતક સુદી પ્રતિપદાના દિવસે ભેગા મળીને નંદજીના ઘેર આવીને ભુવનના મધ્યમાં બિરાજમાન થયેલા શ્રીબાલકૃષ્ણજીને છપ્પન ભોગની છપ્પન પદારથને શ્રીહરિની સન્મુખ ધરવામાં આવ્યા ત્યારે પ્રેમી ભક્તોની ભક્તિને વશ થઈને શ્રીજી છપ્પન ભોગ આરોગી ગયા અને વ્રજવાસીઓએ સ્તુતિ પ્રાર્થના કરીને સેવાની શરત ચૂકની ક્ષમા પ્રાર્થના કરી. છપ્પન ભોગ આરોગીને સમસ્ત વ્રજવાસીઓની જન્મો જન્મની ભોજન જમાડવાની મનોકામના પૂર્ણ કરી. તેમાં કેટલીક ગોપીઓ તો માત્ર શ્રીહરિને જમાડવા માટે જ વ્રજમાં દેહ માગીને આવી હતી.

દિવસમાં આઠ ટંક વિવિધ ભોજનથી લાડ લડાવી રહેલા વ્રજવાસીજનોએ સાત દિવસના ગોવર્ધન ધારણના દિવસને ગુણકાર કરીને છપ્પન ભોગની લીલા કરી તેની પરંપરા આજે પણ ગામોગામ દેશોદેશ મંદિર-મંદિરમાં ઉજવાય છે. તેને અન્નકૂટ ઉત્સવ પણ કહેવાય છે. અન્ન એટલે અનાજ અને કૂટ એટલે સમૂહ : તે ભલેને અન્નકૂટમાં પચીસ-પચાસ કે એકસો વાનગીઓ હોય પણ તેને છપ્પન ભોગ જ કહેવાય. દીપાવલીના ઉત્સવમાં, ભગવાનના પ્રાગટ્ય દિવસે, પ્રતિષ્ઠા દિવસ અને પાટોત્સવમાં છપ્પન ભોગ ધરવામાં આવે છે. તે છપ્પન પદારથની પસંદગી હાલમાં દરેક પ્રાંતોની અલગ અલગ જોવા મળે છે. છપ્પન ભોગની સાથે સાથે ગોવર્ધન પર્વતની (ભાતનો પર્વત) પૂજા સ્થાપના કરવાનો વિધિ વૈષ્ણવ સેવા પ્રકાર વિધિમાં કહ્યો છે. અન્નકૂટ સ્વયં પાક એટલે કે મુમુક્ષુઓએ પોતે બનાવેલો હોય તેજ ઠાકોરજીને ધરવા પાત્ર કહેવાય. બહારથી બજારનો ખરીદીને ધરાવવાથી છપ્પન ભોગ અથવા અન્નકૂટની પરિભાષામાં ગણાતો નથી. ભગવાન ભાવનાના ભૂખ્યા છે. ભોજનના નહિ. સાચા હૃદયના ભાવથી ભક્ત જે વાનગીઓ બનાવે છે તેને ઠાકોરજી પ્રત્યક્ષ આરોગે છે અને જેઓ બીજાના ત્યાંથી કે બજારથી લાવીને ધરાવે તેના ઠાકોરજી દર્શન કરે પણ જેમાં મુમુક્ષુનો સેવાનો ભોગ ન હોય તેવા પદારથ છપ્પન ભોગ બનતા નથી. જેમ ગોપિકાઓ છપ્પન પ્રકારની હતી તે બધીજ પોત પોતાના ઘેરથી એક એક વાનગી બનાવી લાવી તેમ હરિભક્તોએ ગામડામાં પોતાના ઘરેથી એક એક બે બે પદાર્થ બનાવી લાવે તેજ ભોજન ભોગ કહેવાય. વિદેશના મંદિરોમાં આજે પણ હરિભક્તો ઘેરથી અન્નકૂટ બનાવી લાવવાની પરંપરા મોટા મહારાજશ્રી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રણાલી શરૂ કરાવી હતી તે સેવાઓ આજે પણ હરિભક્તો કરી રહ્યા છે. છપ્પન ભોગની યાદી - બુંદી, મોતીચૂર, અડદિયા, ચોખાના લાડુ, મગનો શીરો, મોહનથાળ, મેસૂર, બરફી ચુરમું, પેંડા, શ્રીખંડ, રબડી, કાજુકતરી, પકવાન, બાસુંદી, દૂધપાક, ચણાના લોટનો શીરો, રવાનો શીરો, લાપસી, સક્કર ગુંજા, બિરંજ, ચંદ્રકળા, ગુલાબજાંબુ, કેશર પેંડા, ખાજલી, માલપુવા, ગણગણ, સેવ, સક્કરપારા, છાશ, દહીં, ઘી, માંખણ, પુરી, રોટલી, રોટલા, પાપડ, ચણાદાળ, મગદાળ, તુવેરદાળ, ખીચડી, ભાત, કઠોળ, બટાકા વડાં, ગાંઠીયા, મિક્ષ ભજીયાં, કચોરી, પેટીશ, દહીવડાં, રાયતુ, જલેબી, પાતરાં, ખાંડવી, ખમણ અને શાક વગેરે વગેરે.



# શ્રી હરિકૃષ્ણને ભજો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

कोकिलकवृतविहरति योऽक्षरेक्षरपदाक्षरमुक्तपतिः पुरुषविधो
विधिंविधिहरीश्वरमुख्यबुधाः ।
शिरसिवहन्ति ते समुदितं किल येन मुदा हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥१॥

प्रकृतिमया गुणा न च भवन्ति हि यत्र हरौ इति निगमागमा
अपि वदन्ति च निर्गुणकम् ।
इति सगुणं गणैरपि युतं परदिव्यशुभैर्हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ॥२॥

शमदमकौशलस्मृतितपोबलकान्तिभगश्रुत-
शुचिसत्यतास्ववशतार्जवकीर्तिमुखाः ॥
अपरिमिता गुणा ध्रुवतयात्र वसन्ति सदा हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥३॥

प्रकृतिपराक्षरे बृहतिधामनि मूर्तिधरेर्निगमनिजायुधैश्च
निजपार्षदमुख्यगणैः ।
उरूय उपस्यतेऽपि रमया रमणीयतमुर्हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ॥४॥

निखिलभगैश्च योऽक्षरपदे दिवि
देवगणैरखिलविभूतिभिर्विभवभूमिरुपास्यत ए ।
रतिपतिदर्पहारमणरम्यकरुपनिधिर्हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ॥५॥

विजितमनोभवा भुविभजन्ति च यं सततं शमदमसाधनैः
प्रशमितेन्द्रियवाजिरयाः ।
प्रकटितमानुषाकृतिमिमे मुनिदेवगणा हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ॥६॥

द्विजवृषसाधुगोमुनिगणानवितुं भुवि यो वृषभवने
वृषादधृतजनिर्जनको जगताम् ।
प्रकृतिभुवामपि प्रशमितुं यदधर्मकुलं हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ॥७॥

ऋषिभिरभिष्टुतो नृपगणैर्नतपादतलः श्रुतिशिरसां
गणैरुदितसूज्ज्वलकीर्तिरसौ ।
अतिकृतिभिः प्रगीत इति यः कविकोकिलकैर्हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥८॥

॥ इति योगानन्दमुनिविरचितं भजनाष्टकम् ॥

ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમહંસોમાં કવિઓ સંસ્કૃતના વિદ્વાનો અને શાસ્ત્રીય સંગીતના ધુરંધરો હતા તેમાં યોગાનન્દમુનિ ત્રણેય અંગોમાં પારંગત સંગીત સંસ્કૃત સહિત્ય અને કવિતાઓ રચવામાં કુશળતાની સાથે શૂરવીરતાના અંગવાળા હતા. તેથી જ તેઓશ્રીને સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે કવિઓમાં આ તો કોકિલ કંઠ છે તેમ કહીને તેમનું બહુમાન કરેલ છે. અને પોતાના કંઠમાંથી પુષ્પનો હાર તેમને પહેરાવેલ છે. એવા શ્રીહરિના કૃપાપાત્ર યોગાનન્દમુનિએ અહીં ભગવાનની ભક્તિ કરવી, ધર્મનિયમમાં રહેવું અને આત્યન્તિક મોક્ષ મેળવવો એજ જીવનું અંતિમ લક્ષ છે. તેના માટે પરમેશ્વરનું કેવી રીતે ભજન કરવું તે આ અષ્ટકમાં દર્શાવેલ છે.

कोकिलकवृतविहरति योऽक्षरेक्षरपदाक्षरमुक्तपतिः पुरुषविधो
विधिंविधिहरीश्वरमुख्यबुधाः ।
शिरसिवहन्ति ते समुदितं किल येन मुदा हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥१॥

જે પરબ્રહ્મ પરમાત્મા દિવ્ય સાકાર મનુષ્યાકૃતિ ધારણ કરીને સદા સર્વદા અક્ષરમાં અર્થાત અક્ષરમુક્તોના સમુદાયમાં વિચરણ કરે છે. અનન્તકોટી અક્ષરમુક્તોના પતિ નિયન્તા અધિપતિ એવા પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીકૃષ્ણપુરુષોત્તમનારાયણ પાંચસો પરમહંસોની સાથે જગતના અનન્ત જીવોને અક્ષરમુક્તના પદે પહોંચાડવા વિચરણ કરે છે. એવી રીતે માનવ શરીરમાં પુરૂષાકૃતિ ધારણ કરી રહેલાં પરમેશ્વરની વિધિપૂર્વક બ્રહ્માજી શિવજી અને વિષ્ણજી અને બીજા તે પરમાત્માના સ્વરૂપના જ્ઞાનવાળા જ્ઞાની વિદ્વાનો પણ પૂજન અર્ચન સ્તુતિ પ્રાર્થના કરે છે. એવી રીતે વેદોની શ્રુતિઓનો સમુદાય પણ પ્રથમ સ્થાને તે જ પરમેશ્વરનું જ ગાન કરે છે. તેમની પ્રાર્થનાથી જ સમગ્ર જગત સર્વ પ્રકારે સુખમય રહે છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રી સ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૧)

प्रकृतिमया गुणा न च भवन्ति हि यत्र हरौ इति निगमागमा
अपि वदन्ति च निर्गुणकम् ।
इति सगुणं गणैरपि युतं परदिव्यशुभैर्हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥२॥

પ્રકૃતિ થી ઉત્પન્ન થનારા ગુણો માયિક ગુણો જે સત્વગુણ રજોગુણ અને તમોગુણ અને તેના વિકારો ક્યારેય પણ આ મનુષ્યાકૃતિ ધારણ કરેલા શ્રીહરિમાં હોતા નથી. તેમ વેદની શ્રુતિઓ સ્મૃતિઓના વાક્યો કહે છે. અને તેથી જ તેમના સ્વરૂપને નિર્ગુણ અર્થાત માયાજન્ય કોઈ પ્રકારના ગુણ સ્વભાવથી રહિત છે તેમ કહે છે. એવા હોવા છતાં તે પરમેશ્વર સગુણ મનુષ્યાકૃતિ મનુષ્યના જેવા રૂપને ધારણ કરીને દિવ્ય એવા સમગ્ર કલ્યાણકારી શુભ ગુણોથી યુક્ત છે જે અક્ષરમુક્તોથી પણ પર છે અર્થાત તેમના મહિમાને કે તેમના સ્વરૂપના જ્ઞાનને અક્ષરમુક્તો પણ પાર પામી શકતા નથી. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૨)

शमदमकौशलस्मृतितपोबलकान्तिभगश्रुत-
शुचिसत्यतास्ववशतार्जवकीर्तिमुखाः ॥
अपरिमिता गुणा ध्रुवतयात्र वसन्ति सदा हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ॥३॥

મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરતાં એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં મુખ્ય પણે સદા સ્થિર થઈને શમ- ઈન્દ્રિઓના વિકારોનું શમન કરવું. દમ- ઈન્દ્રિઓનું દમન કરવું. કૌશલ-નિપુણ પણું જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ઈચ્છાશક્તિને કાર્યાન્વિત કરવામાં કુશળતા છે. સ્મૃતિ- ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળનું જેમને સદા સ્મરણ રહે ભક્તોની ઉપર કૃપા કરવાનું. તપ- ઈન્દ્રિઓને વિષયોમાં ન જવા દેવી સ્વસ્વરૂપમાં જોડી રાખવી. બલ- જગતની ઉત્પતિ સ્થિતિ પ્રલયાદિમાં બલવાન સમર્થપણું શક્તિશાળી ક્રાન્તિ- દિવ્ય તેજ સ્વપ્રકાશે યુક્તપણું. ભગ- સૃષ્ટિનું સર્જન વિસર્જન અને

સ્થિતિ જેમાં છે અને જ્ઞાનાદિ સદ્ગુણોની ઉત્પતિનું સ્થાન. શ્રુત- સર્વ શાસ્ત્રોના જ્ઞાતા પણું જેમનો મહિમા વેદોની કૃતિઓ શાસ્ત્રોના વચનોમાં સંભળાય છે. શુચિ- જે સદા સર્વદા પરમપવિત્ર છે જેમનું નામ લેવા માત્રથી જગતના જીવો શુદ્ધ અને પવિત્ર થાય છે. સત્યતા- જે વચન બોલે તે સત્ય થાય છે, મન કર્મને વાણીથી જેમાં ત્રણેય કાળમાં ભૂત ભવિષ્ય અને વર્તમાન સમપણું છે. સ્વવશતા- સમગ્ર જગતને પોતાના આધિન રાખે છે પણ પોતે કોઈને પણ આધિન નથી. આર્જવ- મન વાણી ક્રિયામાં એક પણું, પવિત્રતા કોમળ પણે જેમા રહેલ છે. કીર્તિ- સમગ્ર બ્રહ્માંડોમાં આદરણીય .જેમના નામોનું યશ કીર્તિનું ગુણગાન વેદો ઉપનિષદો અને શાસ્ત્રો સતત કરે છે. જેવા અગણિત કલ્યાણ કારી સદ્ગુણો વાસ કરીને રહે છે. એવા જીવના હૃદયમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૩)

प्रकृतिपराक्षरे बृहतिधामनि मूर्तिधरेर्निगमनिजायुधैश्च
निजपार्षदमुख्यगणैः ।
उरूय उपस्यतेऽपि रमया रमणीयतमुर्हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ।।४।।

કાળ માયા અને પ્રકૃતિ થી પર અર્થાત જ્યાં આ ત્રણેય પહોંચતા નથી એવા જે અક્ષર છે તેનાથી પણ પર અર્થાત અક્ષર પણ જેનો મહિમા પુરો સમજી શકતા નથી એવું જે પોતાનું બ્રહ્મધામ તે ધામને વિષે સદા સાકાર મૂર્તિમાન વિરાજે છે. અને પોતાના આયુધો જે શંખ, ચક્ર, ગદા, પદ્મ અને પોતાના મુખ્ય પાર્ષદો સેવકો તેણે સહિત રહે છે. તેમ નિગમ અને આગમ કહે છે, અર્થાત વેદો ઉપનિષદો સ્મૃતિઓ અને શાસ્ત્રો તેવું વર્ણન કરે છે. અને તેની ઉપાસના ભક્તિ સુંદર રૂપને ધારણ સ્ત્રીરૂપને ધારણ કરીને સાક્ષાત્ લક્ષ્મીજી પોતાના હૃદય કમળમાં તે દિવ્ય સાકાર મૂર્તિને ધારી રહ્યા છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૪)

निखिलभगैश्च योऽक्षरपदे दिवि
देवगणैरखिलविभूतिभिर्विभवभूमिरुपास्यत ए ।
रतिपतिदर्पहारमणरम्यकरुपनिधिर्हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ।।५।।

સ્વસંકલ્પ માત્રથી જેની ઉત્પતિ થઈ છે તેવા સમગ્ર બ્રહ્માડોમાં જન્મ ધારણ કરેલા જીવો દેવલોક અને સ્વર્ગલોકના દેવતાઓનો સમુદાય અને સમગ્ર વિભુતિ સ્વરૂપો ઈશ્વરો વિરાટાદિ પુરૂષો આ પૃથ્વી ઉપર ભૂમિ ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરતા ભગવાનની ઉપાસના કરે છે. જેમણે એવું તો સુન્દર અને કમનિય રૂપ ધારણ કરેલ છે, કે જેથી સાક્ષાત્ કામદેવનો રૂપાળાપણાનો ગર્વ દર્પ અહંકાર નાશ થાય છે. અને અનેક પ્રકારની દિવ્ય અદ્ભૂત લીલાઓ કરતાં પોતાના દિવ્ય રૂપમાં જીવમાત્રના ચિત્તને આકર્ષણ કરી લેતા એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૫)

विजितमनोभवा भुविभजन्ति च यं सततं शमदमसाधनैः
प्रशमितेन्द्रियवाजिरयाः ।
प्रकटितमानुषाकृतिमिमे मुनिदेवगणा हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ।।६।।

આ પૃથ્વી ઉપર દેહ ધારણ કરીને જેમણે અતિ કઠોર તપશ્ચર્યા કરીને પોતાના મનને જીતી લીધું છે તેવા મહાન યોગીઓ, તપસ્વીઓ ઋષિમુનિઓ સતત સર્વદા શમ દમ આદિક કઠણ સાધનો કરીને અને પોતાની અતિ બળવાન અશ્વ જેવી વિષયોમાં જવામાં તત્પર ઈન્દ્રિઓને જીતીને ભજન કરે છે. તેવા આ મનુષ્ય શરીર ધારી રહેલા ભગવાન શ્રીસહજાનન્દ સ્વામી શ્રીસ્વામિનારાયણને મુનિઓ દેવતાઓનો સમૂહ અને પુરૂષાર્થની ઈચ્છાવાળા મનુષ્યો ભજે છે. એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાનરૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના

અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૬)

द्विजवृषसाधुगोमुनिगणानवितुं भुवि यो वृषभवने
वृषादधृतजनिर्जनको जगताम् ।
प्रकृतिभुवामपि प्रशमितुं यदधर्मकुलं हृदि तमजं भजे भवहरं
हरिकृष्णमहम् ।।७।।

આ ભયાનક કળિયુગના કષ્ટોને સહન કરતાં એવા દ્વિજાતિના મનુષ્યો અર્થાત સંધ્યાવંદનાદિક કર્મ કરીને ભગવાનને પ્રસન્ન કરવાવાળા, **વર્ણઃ** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અને **આશ્રમોમા** - બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ્થાશ્રમ. **ધર્મોઃ** સત્ય, દયા, શૌચ આદિ સાધુઓ – સરળ અને સાદુ ત્યાગ વૈરાગ્ય પૂર્ણ જીવન જીવતા મનુષ્યો, મુનિગણ- સંસારથી ઉદાસ થઈને એકાન્તમાં ઈશ્વરાધાન કરતા મહાત્માઓનું રક્ષણ કરવામાં પૃથ્વી ઉપર ધર્મદેવ હરિપ્રસાદ વિપ્રના ઘરે તેમની અર્ધાગ્નિ ભક્તિદેવી થકી જેમણે જગતમાં જન્મ ધારણ કરેલ છે. પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ સર્વ માયિક ગુણો અન્તઃશત્રુઓ કામ, ક્રોધ, લોભ આદિ નું પ્રશમન કરવા અને અધર્મકુળ જે અસત્ય, હિંસા, વ્યભિચાર, દૂષ્કર્મ, અભક્ષ્યનું ભક્ષણ પાપાચાર જેવા અધર્મનો નાશ કરવા અવતરેલા એવા જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાન શ્રીહરિકૃષ્ણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૭)

ऋषिभिरभिष्टुतो नृपगणैर्नतपादतलः श्रुतिशिरसां
गणैरुदितसूज्ज्वलकीर्तिरसौ ।
अतिकृतिभिः प्रगीत इति यः कविकोकिलकैर्हृदि तमजं भजे
भवहरं हरिकृष्णमहम् ।।८।।

મનુષ્ય દેહ ધારણ કરીને વિચરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણને મોટા મોટા ઋષિમુનિઓ પાંચસો પરમહંસો સદા સ્તુતિ પ્રાર્થના કરે છે. અને મોટા રાજા મહારાજાઓનો સમૂહ તેમના પાદ પ્રક્ષાલન કરે છે. અને ચરણોમાં વંદન કરે છે. વેદની શ્રુતિઓ શાસ્ત્રના વચનો જેમની ઉજ્જવલ કીર્તિનું ગાન કરે છે. કવિઓ પોતાની રસમય વાણીથી અને નવીન કૃતિઓ રચનાઓથી શ્લોકો અષ્ટકો કવિતાઓથી યશ ગાન કરે છે. તેવી જ રીતે અહીં હું કવિઓમાં કોકિલ અર્થાત કોયલની ઉપમા મને મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે જ આપેલ છે. તે હું પણ તેમની આ રચનાતી સ્તુતિ કરૂ છું. એવા વીર જીવના હૃદયમાં રહેલાં અજ્ઞાન રૂપી અંધકાર અહં અને મમત્વ રૂપી માયાના અજ્ઞાનને નાશ કરવા અને ભવબંધનથી છૂટવા અને આત્યન્તિક મોક્ષ પ્રાપ્ત કરવા હે જીવ તું આ કળિકાળમાં મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરતા ભગવાનશ્રીહરિકૃષણ નામ ધારી શ્રીસ્વામિનારાણ ભગવાનનું ભજન કર. (૮)


**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂ । . ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂ । . ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂ । . ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂ । . ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂ । . ૧૧,૦૦૦/- |

**Mo. : 8238001666**

# ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ તા. ૨૭-૭-૧૮** જે દેવના પ્રાંગણમાં બેસવાનું આપણને મળ્યું છે **તે સ્થાન પર સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાને પોતે વિચરણ કર્યું છે, દેવની પ્રતિષ્ઠા કરી છે. સભાઓ કરી છે. સંતો-ભક્તોને રાજી કર્યા છે અને કલ્યાણ કર્યું છે એ જગ્યા પર આપણે સૌ બેઠા છીએ.** તમને મહિમા છે એટલે આવ્યા છો જેથી તમને ઉપદેશ આપવાની મારે જરૂરી નથી. મેં જોયું છે, બહુ દૂર થી ૩૦૦-૪૦૦ કિ.મી. જેટલા અંતરેથી સંતો-ભક્તો દેવના દર્શન કરવા માટે આવ્યા છે. ગુરુ પૂર્ણિમા તો નિમિત્ત છે. આજે સવારે પૂજા કરવા બેઠા તે સમયે વિચાર આવ્યો, આજે ગુરુ પૂર્ણિમા છે. દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા હતા એવું કહેવાય છે. પરંતુ મારા માનવા મુજબ ગુરુ કરવા કરતાય તે દરેકમાંથી ગુણ જોવા. જેમાંથી ગુણ જોયા તેમાં દરેકમાં દોષ પણ હશે જ ! પરંતુ દતાત્રેય દોષને અવગણી દરેકમાંથી ગુણ ગ્રહણ કરીને જીવન પરિવર્તન કરતા શીખવાડ્યું એ સત્ય છે. **૨૪ ગુરુ ન થાય, ગુરુ એક જ થાય અને એ સામે સિંહાસનમાં બેઠા છે. (શ્રી નરનારાયણદેવ અને નરનારાયણદેવ પીઠ સ્થાને સ્વયં શ્રીહરિએ આપશ્રીને ઉત્તર વિભાગમાં અમારા ગુરુ સ્થાને નિમણુંક કરી છે. મોટા પુરુષોનું એ જ લક્ષણ રહ્યું છે કે પોતે પોતાનું ક્યારેય કહેતા નથી) અને એમાં જ કલ્યાણ છે.**

આ દેવનો ઉંબરો - આ સંતો - હરિભક્તો અને એમાં પણ આ ચોકમાં પાછળ બેઠેલા અમારા હરિભક્તો, પેલા ફળિયા વાળા ભગત ઝાલાવાડના લાગે છે ? અહીં આગળ આવો તમને માળા પહેરાવીએ કારણ કે આગળ બેઠા હોય તેને સૌ માળા કે હાર પહેરાવે, પાછળ વાળાનું કોણ ધ્યાન રાખે ? ધોતીયાવાળા હરિભક્ત બોલાવીને કહ્યું આવો ક્યાં ગામના છો ? બળોલ, બળોલ તો અમે હમણા જ આવ્યા હતા. લો, આ ધોતિયું રાખો અમારા આ પાર્ષદ વનરાજ ભગત પણ બળોલના છે. હવે બળોલની જ હમણાની એક સરસ વાત કરું. બળોલ ગામમાં રાધાકૃષ્ણ દેવની મૂર્તિમાં એક ગરોળી નીકળી, જતી રહી હતી એટલે હરિભક્તોએ નક્કી કર્યું કે જીર્ણોદ્ધાર કરી બધું સરખું કરીએ. ભેગા મળી હરિભક્તો અમારી પાસે આવ્યા. અમે સમય આપ્યો. ગરોળીના નિમિત્તથી પ્રોગ્રામ થઈ જાય, દેવનું દર્શન થાય. સંત-હરિભક્તોને મળવાનું થાય. તો ધન્ય છે એ ગરોળીને ! અમે ત્યાં ગામમાં પણ કહ્યું હતું કે પ્રસંગ હોય ત્યારે તો મહેમાનો આવે, ગામ વાળા રસોડામાં તથા આગતા સ્વાગતામાં રોકાયેલા હોય પરંતુ આડા દિવસે જઈએ ત્યારે જેઓ દરરોજ મંદિરે આવતા હોય તેવા ભક્તો મળે એટલે બહુ ગમ્યું. માટે એ ગરોળીને થેંક્સ. પરંતુ દરેક જગ્યાએ ગરોળી ન નીકળે અ ધ્યાન રાખજો !

(પ.પૂ. મહારાજશ્રીએ ચમેલીના સફેદ પુષ્પનો હાર પહેરી રાખેલો તેના પરથી વાત કરી કે) **દેવની નિષ્ઠા અને સેવા એ આ સંપ્રદાયનો પાયો છે.** અમને હાર પહેરવાનો શોખ નથી. છતાં આ પહેરી રાખ્યો છે. કારણ કે તેના એક એક ફુલમાં સેવાની ભાવના અને સુગંધ ભળેલા છે. આ હારને જ્યારે અમે અમારા નિવાસ સ્થાને લઈને મુકીએ છીએ ત્યારે સુગંધ સુગંધ (ચમેલી) થાય છે. **આ હાર ૫૦૦૦ ફુલથી બને છે. અને એવા સાત-આઠ હાર રોજ આ શાસ્ત્રી સ્વામી (પૂ. નિર્ગુણદાસજી સ્વામી) ઠાકોરજી માટે બનાવે છે. શ્રધ્ધાની વસ્તુ છે ને! કોણ કહે છે કે ભજન નથી થતું, ભગવાનને અર્થે નથી થતું ?** આવું કહેનાર મૂર્ખ છે, તેની બુદ્ધિમાં ઉણપ આવી છે, તેને દવા કરાવવાની જરૂર છે ! **આ સત્સંગમાં સત્યુગ છે અને તેમાં પણ ખાસ કરીને આ નરનારાયણદેવના દરબારમાં ! પોતાના ઘેરથી ભક્તો ડોલ-ડબલા અને પોતા લઈને આ મંદિરના ઉંબરાથી લઈને આખું મંદિર અત્તર નાખીને સાફ કરે છે. કોઈ અપેક્ષાથી નહીં કે અમને કંઈક મળશે !** અમને યાદ છે કે, અમે લાલજી મહારાજની ઉંમરના હતા ત્યારે અમે દર્શન કરેલા છે કે હરિભક્ત - નામ નથી આપતો - દેવનું નિજ મંદિરવાળી કચરો સાફ કરી ભેગી થયેલી ધૂળને

માથે ચડાવતા - મહિમા આને કહેવાય ? મંદિરમાં બીજી ધૂળ તો જતી નથી. ભક્તોના પગમાં નીચેથી ચોંટીને જે ધૂળ ઉપર મંદિરમાં જાય એ રજને માથે ચડાવવાનો જેને મહિમા હોય તો દેવનો મહિમા કહેવાની વાત જ ક્યાં છે ?

નાનામાં નાની સેવા આ દેવને અર્થે થાય છે એ બહુ મોટી વસ્તુ છે. અમદાવાદ મંદિર જ નહિ, ગામડાના દરેક મંદિરોમાં તન, મન, ધનથી હરિભક્તો સેવા કરે છે. સમય કાઢવો અઘરો છે. આજે શુક્રવારનો ચાલુ દિવસ છે. કેટલી ભીડ, કેટલી ધક્કા મુક્કી, કેટલા ઠોંસા ખાવાના, છતાં દેવના થઈને રહ્યા છો એટલે તો અવાય છે. ભવિષ્યની પેઢીમાં આ ગળથુંથી ઉતરે એવો માહોલ આપતા રહીએ. બીજી બધી વસ્તુ મળવાની છે, પરંતુ આ ભગવાન મળવા દુર્લભ છે. અન્ન, ધન, વસ્ત્ર અને આબરું મહારાજે આપ્યું છે. છે કોઈને પ્રોબ્લેમ ? જે કોઈ પ્રોબ્લેમ હોય તે સ્વભાવનો હોય ! કારણ કે અંતમાં સૌ માણસ છે. ભગવાન સિવાય અમે કે તમે સ્વભાવથી પર નથી. પરંતુ એ સ્વભાવ મૂકીને મંદિરના પગથિયા ચડાય છે એ મહત્વનું છે. દેવ માટે જ્યારે એક માણસ સમય કાઢે છે, તન, મનથી સેવા કરે છે કે ધનનું દાન કરે છે, ધારો કે આ ૧૦૦ રૂપિયાની નોટ છે રૂપિયાને હું અડુ છું. અડ્યા વિના તો પેટ્રોલ પૂરાતું નથી. જે હરિભક્તે આ નોટ અહીં મૂકી હશે તે પોતાના દીકરાને આપતા દસ વખત વિચાર કરશે પરંતુ અહીં સહેજ પણ વિચાર કર્યા વિના મૂકી દે છે. આ રૂપિયા તો બહુ વધારે છે. પરંતુ ૪ આના કે આઠ આના જે હાલમાં ચલણમાં નથી તેની કિંમત પણ બહુ મોટી છે. હરિભક્તોના પૈસા હું હાથમાં લઈને સાઈડમાં મૂકું છું. કારણ કે હરિભક્તોના પરસેવાના લોહીના એ રૂપિયા છે. અને એ રૂપિયા દેવ માટે વપરાય છે. 'આંગન' માટે ભક્તજનોએ દાન લખાવેલું, એક હરિભક્તે અમને હમણાં પહોંચ દેખાડી. તો દેવ માટે અને તેથી 'આંગન' માટે પોતાપણું મનાયું હોય ત્યારે કાર્ય થાય છે. એટલે તન, મન, ધનથી જે સેવા થાય છે, સમર્પણની જે ભાવના છે તેનાથી આપણો સંપ્રદાય ઉજળો છે.

અમે હંમેશા કહીએ છીએ, પહેલા બહુ વખત કીધું છે, **ગુરુ એક જ છે, ભગવાન એક જ છે અને એ આ સિંહાસનમાં બેઠા છે (શ્રી નરનારાયણદેવ તરફ અંગુલી નિર્દેશ કરીને) બીજી મથામણમાં પડવાની જરૂર નથી તમે જાણો છો બધા, જે છે તે આ દેવનો ઉંબરો, દેવના ચરણ, દેવની મૂર્તિ એ કોઈ પ્રતિમા નથી. મહારાજ પ્રત્યક્ષ છે. મહારાજનું વચન છે અમે આ મૂર્તિમાં પ્રત્યક્ષ રહ્યા છીએ ને રહેલા છે... છે જ.... એમાં બે મત નથી. દેવના થઈને રહીએ, પતી ગયું. ખોટી મહેનત કરવાની જરૂર નથી.** શિક્ષાપત્રીમાં ૨૧૩ શ્લોક અમે ક્યાંય લખ્યો છે ? અમારી સાત પેઢીમાં કે આઠમી પેઢીમાં કોઈ દિવસ ૨૧૩ મો શ્લોક ક્યાંય આવ્યો ? અમે ક્યારેય કોઈને કહ્યું કે આવું નહી ને આવું કરજો ? મહારાજે શિક્ષાપત્રીમાં જેટલું કહ્યું એટલું પાલન થાય તો બહુ થઈ ગયું. ઓછું પળાતું હોય તો પ્રયત્ન કરીએ કે આજ્ઞામાં રહીએ એટલે Enough (પૂરતું) છે. શિક્ષાપત્રીનું વિવેચન 'શિક્ષાપત્રી ભાષ્ય'માં આપ્યું છે તેનાથી વિશેષ વિવેચન સત્સંગિજીવનમાં છે. આનાથી વધારે આપણે કાંઈ કરવાનું નથી. અમે અહીં બેઠા છીએ તેનું કારણ મહારાજે આ પદ મૂક્યું છે. આ દેવ, સંતો, હરિભક્તો, વડીલથી લઈને નાના સૌ પ્રત્યે હેત અને લાગણીથી બંધાઈને રહીએ. **આ પદનું (આચાર્ય પદ) ગૌરવ છે. આ સ્થાનનું ગૌરવ છે, વ્યક્તિનું નહીં. તે પદનું જેટલું ગૌરવ અને ગરિમા જળવાશે તેટલો સંપ્રદાયનો વિકાસ અને વિસ્તાર થશે. સ્થાનનું ગૌરવ નહીં હોય તો પછી ભગવાન પર મૂકી દેવાનું. આ ઉંબરો મુકાય નહીં. તમારા ગામની અંદર પણ એજ ભગવાન છે જે અહીં છે. તેમાં બાદબાકી કરવાની નથી. પૂનમે આવો કે ક્યારેક એકમે આવો કે ગમે ત્યારે આવો ભગવાન તો એ જ રહેશે. આવા ભગવાન મળવાના નથી.** આવતી પેઢીમાં ગમે તે રીતે પણ આ માહોલ આપણે આપી શકીએ તેવી શક્તિ મહારાજ આપણને આપે. આ માળા બહુ ગમી ખૂબજ સુંદર છે.

સત્સંગ અર્થે ગામડા ફરવાની જવાબદારી જે સંતોએ લીધી તે દરેક સંતોના નામ પ.પૂ. મહારાજશ્રીએ ગામના નામ સાથે સ્વયં વાંચી સંભળાવ્યા અને વિશેષમાં કહ્યું કે, એકાદ - બે ગામડા વધારવા હોય, ક્યાંય રહી જતું હોય તો કોઠારમાં કે અમને ધ્યાન દોરશો પરંતુ એવો દુરાગ્રહ ન રાખતા કે સંતો આટલા દિવસ અમારા ગામમાં

## આપણા આગામી ઉત્સવો

ભાદરવા સુદ-૧૧ ગુરુવાર તા. ૨૦-૯-૨૦૧૮ જલઝીલણી એકાદશી શ્રી ગણપતિજીનો વરઘોડો બપોરે ૧-૦૦ કલાકે સ્વામિનારાયણ મંદિર કાલુપુર.

આસો સુદ-૧૦ દશેરા (વિજયા દશમી) શુક્રવાર તા. ૧૯-૧૦-૨૦૧૮ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ધામધૂમથી ઉજવાશે.

રહેવા જ જોઈએ. કારણ કે સત્સંગનો વિકાસ, વિસ્તાર તથા ગામડા વધતા જાય છે. આ ફળિયા અને ધોતી પહેરલા જે ભક્તો છે તેની પણ આગળની પરંપરાના વડીલોને પૂછો તો ખ્યાલ આવશે કે વડીલો મંદિરમાં બેસીને કથા વાર્તા કરતા. વચનામૃત વાંચે કે સત્સંગિજીવન વાંચે કે ભૂષણ વાંચે સત્સંગની જવાબદારી સંતોની અને અમારી તો છે જ પરંતુ સંયુક્ત રીતે આપણા બધાની છે. મહારાજે સત્સંગ કોઈ એકને લખીને આપ્યો નથી. તેમ છતાં તમને સૌને સંતુષ્ટિ મળે એવા પ્રયત્ન કરીશું. અઠવાડિયે બે નવા પ્રોજેકટ આવે છે, મંદિરો થતા રહે છે.

શ્રી નરનારાયણદેવ આપ સૌને ખૂબ આશીર્વાદ પાઠવે, એમના થઈને રહીએ. આ જૂના મંદિરો જુઓ, અહીં (સભા મંડપમાં) બેઠા બેઠા દેવના દર્શન કરી શકીએ છીએ. આ સભા મંડપમાં કેટલીય કથાઓ થઈ છે, કેટલાય ભક્તોએ બેસીને ભજન કર્યું છે. ત્યાં બેસવાનો આપણને મોકો મળ્યો છે. સંતોએ ગામડાની જવાબદારી લીધી છે તે સંતોને અનેકાનેક ધન્યવાદ. હરિભક્તો પણ સંતોનું એટલું જ ધ્યાન રાખે છે. આ સત્સંગ, દેવ, સંતો, હરિભક્તો, ભાઈઓ, બહેનો, દીકરા, દીકરીઓ એક જૂથ થઈને દેવના થઈને રહીએ. આપ સૌને આપના પરિવાર સહિત શ્રી નરનારાયણદેવ રૂડા આશીર્વાદ પાઠવે, પાછળ જુઓ, ઋષિમુનિઓની જેમ આ હરિભક્તો તપ કરે છે તે સૌનું મંગળ રૂડું કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વચનમાં શ્રી નરનારાયણદેવનો મહિમા કહેતા કહ્યું હતું કે, **આપણા સૌના ગુરુ ગણો કે મા-બાપ ગણો એ શ્રી નરનારાયણદેવ છે અને એના કારણે જ આપણે સૌ સુખી છીએ. એ દેવની નિષ્ઠા આપ સૌના જીવનમાં છે જ તો પણ ઉત્તરોત્તર વધતી ને વધતી જ રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.**

અંતમાં પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા નહોતા તેમ છતાં તેઓશ્રીના શબ્દો ગુરુ પૂર્ણિમા પ્રસંગે લખવા અતિ આવશ્યક હોવાથી લખીને લેખનને વિરામ આપું છું. **સંપ્રદાયમાં જે સંતો કે ભક્તો શ્રીજી મહારાજ અને શ્રી નરનારાયણદેવને જુદા માને છે કે અધિક-ન્યૂન માને છે તેવા સંતોને, વિમુખ જાણવા અને તેવા સંતોના મુખેથી કથા પણ ન સાંભળવી. (પ.પૂ. મોટા મહારાજશ્રી)**

# સંતોનાં તપ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

લગભગ મધરાતને સુમારે ભગવાન શ્રીહરિ પાંચ-છ કાઠીયો સાથે એક ગામના પાદર પાસેથી પસાર થતા હતા. એ સમયે કોઈ હરિભક્ત નજીકમાં રહેતા હશે તે લઘુ શંકા કરવા ઉઠ્યા હશે. તેઓ હે દયાનિધિ ! હે દયાનિધિ ! એમ બોલતા હતા. અવાજ સાંભળી શ્રીહરિ ઉભા રહ્યા. હરિભક્ત તો પાછા સૂઈ ગયા હશે પણ શ્રીહરિએ સુરા ખાચરને પૂછ્યું. એ કોણ બોલતું હતું ? સુરા ખાચરે તેની લાક્ષણિક શૈલીમાં કહ્યું, ઈ તો ઓલ્યો મોતીરામ તરવાડી મૂતરવા ઊઠ્યો હશે ઈ બોલતો હતો.

શું બોલતા તા ?

દયા નથી, દયા નથી એમ બોલતા' તા.

એવું કહેતા હતા ?

હા.

કોનામાં દયા નથી ?

કોનામાં શું તમારામાં દયાનો છાંટોય નથી !

એમ કેમ કહો છો ?

હાડ થીજાવી નાખે એવી ઠંડીમાં ઓલ્યા સાધુ ઘેલાને કાંઠે ઉઘાડા ડિલે સૂએ છે. ઠંડી સહન થતી નથી એટલે બાપડા ખાડો ખોદે છે. એમાં ટૂંટિયું વાળીને સૂઈ જાય છે અને શરીરને રેતીથી ઢાંકી દે છે. એકલો મોઢો બા'ર દેખાય. પરભાતિયા સુધી આમ પડ્યા રે' છે.

અને તમે ? તમે શું કરો છો ? અક્ષર ઓરડીમાં હે....ય ને મણ એક રૂના ગાદલામાં બે, બે ગોદડા ઓઢીને પોઢો છો. તમને શું ખબર પડે કે બહાર શિયાળો કેવો જામ્યો છે ! માણસ બહાર નીકળે ત્યારે ટાઢથી ડાઢી ડગડગતી હોય. મોઢામાંથી ધુમાડા નીકળતા હોય.

સુરા ખાચર ! શ્રીહરિએ કહ્યું, કાલથી બધા સાધુ ધર્મશાળામાં સૂવાડવા અને દાદા ખાચરને કહેજો કે દરેક સાધુને બે, બે ગોદડાં આપે. એક પથારીને સૂવા માટે અને બીજું ઓઢવા માટે.

શ્રી સ્વામિનારાયણ

# દેશ દેશના હરિભક્ત

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

કોઈપણ વચનામૃત લઈએ, એમાં પ્રારંભમાં જે તે વચનામૃત નો સમય હોય પછી શ્રીજી મહારાજની શોભાનું વર્ણન હોય અને ત્યાર પછી - પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી...... એમ આવે.

તો આ દેશ દેશના હરિભક્ત એટલે કોણ ? તો એ માટે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણિ ગ્રંથ અવશ્ય જોવો પડે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ તથા સમગ્ર હિન્દુસ્તાનના વિવિધ પ્રાંત-પ્રદેશને અલગ અલગ દેશરૂપે આલેખ્યા છે. જેમ કે, પંચાળા દેશ, વાળાંક દેશ, સોરઠ દેશ, હાલાર સમેત કચ્છ પ્રદેશ, સૌભીર દેશ, કાનમ દેશ, ભાલ પ્રદેશ, દંઢાવ્ય દેશ તથા નિમાડ, બુંદેલખંડ, ખાન દેશ, મારૂ દેશ વિગેરે વિગેરે.

આ વિવિધ દેશ પ્રદેશોમાં વસતા હરિભક્તોમાં શા શા ગુણો હતા ? કેવી ભક્તિ કરતાં ? કેવો સત્સંગ રાખતાં હતાં ?

સ્વામીએ પ્રત્યેક દેશના હરિભક્તોના ગુણગાન ગાયાં છે. સ્હેજ પણ અતિશયોક્તિ વગર-તેઓ જેવા હતાં તેવાં જ રજૂ કર્યા છે.

**ભક્તિ જેવી ગુજરાતમાં, તેવી આજ નથી ત્રિભુવન**
**રાત્યદિવસ અમ પાસળે, વળી ઉભા રહે એક પગે**
**મૂર્તિ ન મેલે મિટથી, વળી મટકું ન ભરે દગે**
**ગાતાં ગુણ ગોવિંદના, વહી જાય સર્વે જામની.**
**કાય નહિ કીર્તન કરતાં, ભાવિક બહુ નર ભામિની**
**અતિ દુર્બલ કળ ન પાડે, ફળ ફુલ ખાઈ રહે**
**જ્યારે અમે જમ્યાનું કહીએ ત્યારે જમ્યા છીએ એમ કહે**
**એક એકથી અધિક અંગે, રંગ છે સત્સંગનો**
**એવા જનને જોઈને, આનંદ ઉમંગે અંગનો.**

એ વખતે સમગ્ર ગુજરાતમાં સત્સંગનો રંગ કેવો હતો તેનું આબેહૂબ વર્ણન ઉપરોક્ત પંક્તિઓમાં જોવા મળે છે. એક એકથી અધિક અંગ હતાં સર્વે હરિભક્તનાં, કીર્તન કરતાં ક્યારેય થાકે નહીં, ગોવિંદના ગુણ ગાતાં ગાતાં ક્યારે રજની વહી ગઈ એની પણ ખબર ન પડે ! અરસ પરસ અંગોમાં ઈર્ષ્યાભાવ નહોતો. શ્રધ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત એવી ભક્તિ રાત-દિવસ કરતાં રહેતાં અને એટલે જ મહારાજ કહે છે કે - ''એવા ભક્તજનને જોઈને અમારા અંગમાં આનંદ આનંદ છવાઈ જાય છે.''

એકવાર શ્રીહરિ સોરઠ દેશમાં દશ-વીશ દિવસનું વિચરણ કરી પિપલાણે પધાર્યા ત્યાંથી માણાવદર, જાળિયા બંધિયા વિગેરે ગામોનાં ભક્તજનોને દર્શન સુખ આપતાં આપતાં વળી પાછા ગઢડે પધાર્યા.

ઘણા દિવસોનો વિરહ હતો એવા ગઢડાવાસી મહારાજને કહે છે :

**પછી પૂછ્યું જને લાગી પાય કેવા સત્સંગી સોરઠમાંય**
**કહો કૃપા કરીને અમને, કેવું હેત કરતા તમને.**

શ્રીહરિ સોરઠવાસી ભક્તજનોના વખાણ કરતાં કહે છે :

**સોરઠદેશના સત્સંગી જેહ, અતિ નિર્મળ કોમળ તેહ**
**નહીં છળ કપટ લગાર, બહુ વિશ્વાસી છે નરનાર**
**ઘણું નહિ ડહાપણ ચતુરાઈ, નિશ્ચય પ્રભુનો પ્રવત પ્રાઈ**
**જે દિના સ્વામી મળ્યા છે તે દિનાં સર્વે સંશય ટળ્યા છે**
**નિરુત્થાન છે નર ને નારી, એક એકથી સમજણ્યે ભારી**

અત્યંત સરળ સ્વભાવ, લગારેય છળ કપટ નહિ ડહાપણ ચતુરાઈ ભલે ઓછી છે પણ સહજાનંદ સ્વામી મહાપ્રભુનો નિશ્ચય પર્વત સમ અડગ છે. જે દિ'થી એમણે મહારાજનાં દર્શન કર્યાં છે તે દિવસથી મન-અંતરનાં સર્વે સંશયો ટળી ગયા છે. નર હોય કે નારી બધા જ સમજણમાં એક એકથી અધિક છે !

ભક્ત શિરોમણી ઝીણાભાઈનાં ગામ એવા પંચાળાનાં ભક્તજનો કેવાં હતાં ?

**ધન્ય ધન્ય પંચાળાના જન, જેનાં નિર્મળ ઉદાર મન**
**પ્રભુ પધરાવ્યા સારૂં ભવને, નિયમ રાખ્યાંતાં નરનારી જને**

હવે ઘણાં દિવસોની વાટ જોડાવ્યા પછી દીન દયાળ મહાપ્રભુ જ્યારે પંચાળા પધાર્યા અને ઘેર ઘેર ભક્તોને દર્શન દીધાં ત્યારે.

**બહું પ્રેમેશુ લાગિયા પાય હેતે આવ્યા છે હૈયાં ભરાય**
**બોલે ગદ્‌ગદ્‌ ગીરા વચણે, હાલ્યાં હેતનાં આંસુ નયણે**

શ્રીહરિને પ્રત્યક્ષ જોતાં જ તન ભાન ભૂલી ગયા. શ્રીહરિએ એવી કરુણાદ્દષ્ટિ કરી જાણે મૃત્યુ પર અમૃતવૃષ્ટિ!

શ્રીહરિની આવી કરુણા સભર દૃષ્ટિથી જાણે સર્વે ભક્તજન સચેત થયા અને શ્રીહરિને એ જ પ્રાર્થના કરવા લાગ્યા.

**કહે આજ થયાં કૃતારથ, પ્રભુ આવ્યે સર્યા સર્વે અર્થ**
**આજ ધન્ય ઘડી ધન્ય વાર, તમે પધાર્યા પ્રાણ-આધાર**
**પુણ્ય અમારાનો નહિ પાર, જાગ્યાં ભાગ્ય અતીશે અમાર**

બસ મહારાજ ! આપનાં દર્શન થયાં અમારાં ભાગ્ય અતીશે અપાર ખીલી ઉઠ્યાં.

ભક્તચિંતામણિ મહાકાવ્ય એટલે ભગવાન અને ભક્ત બંન્નેનું સરખું મહિમાગાન!

**વંદુ હું ભક્ત વાળકના જન વિશવાસી વિશેક**
**અચલ પ્રભુનો આશરો, વળી ગ્રહી ન મુકે ટેક**

**સુંદર ભક્ત સૌભીર દેશે, જેનાં અતિ મન ઉદાર**
**તન મન ધન તુચ્છ કરી, હરિ ભજી ઉતર્યા ભવપાર**

**દાખું દાસ દંઢાવ્યનાં ભક્ત અતિ ઘણાં ભાવિક**
**દૃઢ મતિ ધીરજ અતિ, જાણે સત્ય અસત્ય વિવેક.**

**મોટાં ભક્ત મારૂ દેશનાં અને મોટાં જેનાં મન**
**સંગ કુસંગને ઓળખી વળી થયા હરિના જન.**

**ચવું જન ચડોતરના જેનાં ઉજ્જવળ અંતઃકરણ**
**તન મન ધન અર્પણ કરી થયાં સ્વામી શ્રીજીને ચરણ**

**વડા ભક્ત વાકળમાં, અતિ મહાત્મી મન ઉદાર**
**હરિ હરિજન ઉપરે, જેના પ્રેમનો નહિ પાર**

**સુંદર ભક્ત સુરતના, અતિ હોંશિલા હરિજન**
**સ્વામી સેવામાં સમાર્યા જેણે તન મનને ધન**

**નકી ભક્ત નિમાડના જેનાં અતિ આકરાં અંગ**
**કરડાં કઠણ વચન જેને શિશ સાટે સત્સંગ**

શ્રીહરિની સાથે પાંચસો પરમહંસની મંડળી સદાય સાથે રહેતી.

એકવાર મહારાજે સર્વે સંત મંડળને પૂછ્યું : ‘‘આમા કોણ કઠણ વ્રતે પૂરા છે તે કહો.’’

અને તરત જ બધા સંત ઉઠ્યા અને શ્રીહરિને હાથ જોડીને કહેવા લાગ્યા.

**પછી સંત ઉઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ**
**કહો તો મટકું ન ભરીયે મીટે, કહો તો અન્ન ન જમીયે પેટે**
**કહો તો તજીયે છાદનનો સંગ, રહીયે હિમમાં ઉઘાડે અંગ**
**કહો તો પીવું તજી દૈયે પાણી, રહીએ મૌન ન બોલીયે વાણી**
**કહો તો બેસીએ આસન વાળી, નવ જોયે આ દેહ સંભાળી**
**એમ હિંમત છે મન માંય તમે કહો તે કેમ ન થાય**

મુનિજનોની આવી વાત જાણી મહારાજ અતિ પ્રસન્ન થયા અને એ સર્વે સંતોને ‘‘સાધુ-શૂર’’ કહીને નવાજ્યા.

દેશદેશના હરિભક્ત કેવા હતા ? કેવાં તેમનાં મન હતાં ? કેવો સત્સંગ રાખતા ? શ્રીહરિનાં દર્શન ન થાય તો કેવા વિહવળ બની જતાં ?

અતિ નિર્મળ ચિત્તે ભક્તચિંતામણિ ગ્રંથનો પાઠ કરીએ તો દેશદેશના હરિભક્તનો મહિમા મનને પ્રફુલ્લિત કરી દે એવો મધુર અવશ્ય છે !


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org
ધોળકા : www.swaminarayanmandirdholka.co.in

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## મૂળીમાં ઘેલા જોષીને ત્યાંના પ્રસાદીના લીમડાની ડાળીઓ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અક્ષરધામમાંથી પોતાના મુક્તોને સાથે લઈને આ પૃથ્વી ઉપર અનંત જીવોના કલ્યાણને અર્થે પધારેલ. આ મુક્તોમાંથી કેટલાકે સંતો, હરિભક્તો, બાઈઓ, રાજાઓ, વૃક્ષો, નદીઓ વગેરેના દેહધર્મ સ્વીકારેલા.

શ્રીજી મહારાજને સાક્ષાત્ મળ્યા હોય એવા મનુષ્ય દેહધારીઓના દર્શન હવે આપણને થાય તેમ નથી. પરંતુ શ્રીજી મહારાજના સાક્ષાત્ સ્પર્શને પામ્યા હોય તેવા વૃક્ષો હજી છે. ગઢડાનો ખીજડો, જેતલપુરની બોરસલી, રાજકોટની બોરડી વગેરે આના ઉદાહરણો છે.

કાળક્રમે આ વૃક્ષો પણ ધીમે ધીમે નાશ પામે છે. પરંતુ તેના અવશેષોના તો દર્શન થાય છે. એ જ આપણું અહો ભાગ્ય છે. દુનિયાના લોકો ઈજીપ્તમાં આવેલા મમીઓ જોવા જાય છે - જે એવા વ્યક્તિઓના શબ છે કે તેઓ કોણ હતા, કેવા હતા તે પણ આપણે જાણતા નથી અને તે આપણા સંબંધીઓ પણ નથી !

જ્યારે આ તો એવા વૃક્ષોની વાત છે કે જેને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનો સંબંધ હતો અને તે પ્રસાદીના અવશેષોના દર્શન મોટા ભાગ્ય સિવાય થતા નથી. નંદ સંતો તો વૃક્ષને પણ વર્તમાન ધરાવીને તેને સત્સંગી બનાવતા ! ધન્ય છે તે સંતોની ઊમદા ઉદાર ભાવનાને અને તે વૃક્ષોમાના જીવોને કે જેમની ઉપર આટલી બધી કૃપા વરસતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે મૂળી પધારેલા ત્યારે એક વખત ત્યાં ઘેલા જોષી નામના હરિભક્તને ત્યાં ઉતરેલા અને ત્યાં પ્રાંગણમાં આવેલા એક લીંબડાના વૃક્ષની ડાળી ઉપર તેમણે પોતાની જોળી લટકાવેલી ! કલ્યાણના ભાથાં પીરસતી તે જોળીમાંથી હજી આજે પણ મૂળીમાં કલ્યાણનો જમણવાર થાય છે. જોળી લટકાવીને મહારાજ બોલ્યા કે 'લ્યો ભગત ! હવે તો અમે અહીંજ બેઠા છીએ.' શ્રીજી મહારાજ આજે પણ મૂળી મંદિરમાં સાક્ષાત્ બિરાજમાન છે.

જે લીંબડાની ડાળ ઉપર શ્રીજીએ જોળી લટકાવેલી તે ડાળનાં દર્શન અત્યારે આપણને સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૪ માં થાય છે. નિરંતર કલ્યાણનો પ્રસાદ વહેંચતી જોળીને જે ડાળોએ સાચવી હતી, તે ડાળોના દર્શનનો લાભ આપણને મળે છે. આજે પણ તેના દર્શન આપણને રોમાંચિત કરી દે છે. સૌ હરિભક્તો ભાવપૂર્વક તેના દર્શન કરજ્યો અને શ્રીહરિના દાખડા સામું જોજ્યો.


- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ-૨૦૧૮

### રૂા. ૨,૫૦,૦૦૦/- ઓસ્ટ્રેલીયા પ્રવાસ દરમ્યાન પ.પૂ. મોટા મહારાજશ્રીની આવેલ ચરણ ભેટ

| | |
|---|---|
| રૂા. ૧,૫૧,૦૦૦/- | અ.નિ. પ.ભ. શ્રી નંદલાલભાઈ કોઠારી (ભાલજા મંડળ) અમદાવાદ પંચમ પુણ્યતિથિ અષાઢ વદ-૪ નિમિત્તે હેત રૂચિવાળા સર્વ હરિભક્તો તરફથી |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. વિશરામ ગોપાલ પિંડોરીયા, પ.ભ. કાંતિભાઈ વિશરામ પિંડોરીયા, અ.સૌ. પુષ્પાબેન કાંતિભાઈ પિંડોરીયા, શ્રી ધ્રુવ કાંતિભાઈ પિંડોરીયા, જીલ્પાબેન ધ્રુવ પિંડોરીયા અને હિરલબેન કાંતિભાઈ પિંડોરીયા - ગામ માધાપર (કચ્છ - હાલ ઓસ્ટ્રેલીયા) |
| રૂા. ૧૧,૦૦૦/- | ઠક્કર પ્રવિણભાઈ આણંદજી, ધ.પ. વસંતીબેન ચોબારી - કચ્છ (ભુજ) - હાં. સાંખ્યયોગી નીતાબેન. |
| રૂા. ૧૧,૦૦૦/- | પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તરફથી |
| રૂા. ૧૦,૦૦૦/- | અ.નિ. પંકજભાઈ (મોન્ટુભાઈ) દશરથભાઈ પટેલના મોક્ષાર્થે - હ. ખોડીદાસ ચતુરદાસ પટેલ પરિવાર - કુંડાળ |
| રૂા. ૧૦,૦૦૦/- | અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા - અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | ચિરાગ દિનેશભાઈ સોલંકી (મદ્રાસ વેલ્કો કાું. માં નોકરી મળી તે નિમિત્તે) - મેમનગર |
| રૂા. ૫,૧૦૦/- | હાર્દિક દિનેશભાઈ સોલંકી (લવજીભાઈ સોલંકી) - મેમનગર |
| રૂા. ૫,૦૦૧/- | એક હરિભગત - ચુડા, જી.- સુરેન્દ્રનગર |
| રૂા. ૫,૦૦૦/- | કંડિયા કાનજીભાઈ નારાયણભાઈ - રાજકોટ - હ. તેજેશભાઈ - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | અમૃતભાઈ સેંધાભાઈ પટેલ - (કુંડાળવાળા) અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | હસમુખભાઈ સોમાભાઈ પટેલ - મારૂસણા |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ઓગસ્ટ-૧૮

| | |
|---|---|
| તા. ૦૧-૦૮-૧૮ | પટેલ નારણભાઈ શિવાભાઈ - હ. સંજયભાઈ તથા નિતિનભાઈ - મહેસાણા |
| તા. ૧૦-૦૮-૧૮ | ટોરેન્ટો મંદિર - કેનેડા |
| તા. ૧૨-૦૮-૧૮ | શ્રી મહિલા મંડળ સ્વામિ. મંદિર બહેનોનું બાલાસિનોર - પ્રે. સાં.યો. રાજકુંવરબા તથા ઉષાબા - દરબારગઢ મોરબી |
| તા. ૧૫-૦૮-૧૮ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મહેસાણા - હ. ભાનુભાઈ, અજયભાઈ, પ્રવિણભાઈ, મિતેષભાઈ, ભરતભાઈ તથા પ્રવિણભાઈ<br>(બપોરે) શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર - હ. અરૂણાબેન |
| તા. ૧૭-૦૮-૧૮ | શ્રી સુમેશભાઈ પટેલ - બોસ્ટન |
| તા. ૧૮-૦૮-૧૮ | શનાભાઈ શંકરભાઈ પટેલ - ઘાટલોડીયા - હ. વિરેન્દ્રભાઈ એસ. પટેલ. |
| તા. ૧૯-૦૮-૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ બહેનોનું - હ. સાં.યો. રંજનબા તથા નાનીબા - વિરાટનગર. |
| તા. ૨૪-૦૮-૧૮ | કિરીટભાઈ ગોકળદાસ પટેલ - લવારપુરવાળા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**


સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com



# પવિત્ર શ્રાવણમાસમાં દેશ-વિદેશના આપણા મંદિરોમાં હિંડોળા દર્શન







અમદાવાદ





ઓકલેન્ડ - ન્યુઝીલેન્ડ ફૂલોના વાઘા અને વનવિચરણ



મહેસાણા




જેતલપુર




આશપુર રાજસ્થાનના એમ.એલ.એ. ૩૫૦ કિ.મી. ચાલીને જેતલપુર શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના હિંડોળાના દર્શને પધાર્યા ત્યારે તેમનું સ્વાગત કરતા સંત હરિભક્તો









અમરનાથ




વનવિચરણ















ાં







હિંડોળા દર્શનનું ઉદ્‌ઘાટન કરતા પૂ. મહંત સ્વામી કાલુપુર તથા અન્ય સંતો



ાશ્રમ



















એપ્રોચ - બાપુનગર







મોટેરા - અમદાવાદ



માણેકપુર ચૌધરી

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### ચરણારવિંદનો મહિમા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બાળમિત્રો ! આજે તમને એક મજાની વાત સંભળાવું. વાત છે સાળંગપુરની. જીવા ખાચરના ઓરડાની ઓસરીમાં સ્વામિનારાયણ ભગવાન ચરણ લાંબા કરીને વિરાજેલા છે. મહાનુભાવાનંદ સ્વામી ગુજરાતમાંથી ત્યાં પહોંચ્યા. દંડવત કર્યા અને મહારાજના ચરણારવિંદ લાંબા હતા તે જ્યાં સ્વામીએ ચરણ દાબવા માટે ચરણારવિંદ ઉપર હાથ મુક્યો એટલે મહારાજે ચરણારવિંદ ખેંચી લીધાં. પલાંઠી વાળી લીધી. સ્વામી કહે છે, મહારાજ ! કેમ કાંઈ નારાજ થયા છો ? આ ચરણની સેવા માટે તો અમે ઘર છોડ્યું. મહારાજ ! આ ચરણારવિંદની સેવા માટે અમે જગતના ત્રાસ અને તિરસ્કાર સહન કરીએ છીએ. કોઈ ગામમાંથી અમને ગાળો દઈને બહાર કાઢે છે, કોઈ અમારી ભિક્ષામાં ધૂળ નાખે છે, કોઈ ઝોળીઓ ફાડી નાખે છે.... આ બધું અમે સહન કરીએ છીએ, શા માટે ? આ ચરણારવિંદની સેવા માટે. તો હે દયાળુ ! આજે કેમ ચરણારવિંદ પાછા ખેંચી લો છો ? હવે, ભગવાન જવાબ આપે છે.

સ્વામી ! એક વાત સાંભળો. એક યાત્રિક હતો. એક ગામથી બીજે ગામ ચાલ્યો જાય છે. યાત્રા કરતો જાય છે. થાકી ગયેલો છે. સાંજ પડી કોઈ ગામ આવ્યું. ગામમાં એક વણિકની દુકાન. રાત પડી ગઈ એટલે ગ્રાહકો આવતા બંધ થઈ ગયા. એટલે વણિકે દુકાનનો દરવાજો બંધ કર્યો. અંદરની બાજુ ઘર એમાં રહેતો હતો. આ યાત્રિકને એમ થયું આ દુકાનનો ઓટલો સારો છે, રાત્રે અહીં પડી રહીશું. ઓટલા ઉપર થોડી ધૂળ હતી. ક્યાંકથી સાવરણી લઈને ઓટલો વાળ્યો. કપડું લઈને ઝાપટવા લાગ્યો. ઓટલો વાળી, ચોખ્ખો કરી પછી એ સૂઈ ગયો. આખી રાત સૂતો રહ્યો. સવારે જાગ્યો અને સાંકળ ખવડાવી, આ વેપારી જાગ્યો, કેમ ભાઈ ! શું છે ? કેમ મારૂં બારણું ખખડાવો છો ? કેમ આટલા ગરમ થઈ ગયા છો ? આ યાત્રિક કહે છે, જલ્દી કર. મારી મજૂરી આપી દે, મોડું થાય છે. શાની મજૂરી ? કેમ, રાત્રે મેં, આ ઓટલો વાળ્યો છે એટલે મને દશ શેર (પાંચ કિલો) સોનું આપી દે મજૂરીનું. આ તારો ઓટલો વાળ્યો છે, કાંઈ ઓછું કામ નથી કર્યું. એટલે દસ શેર સોનું જોઈએ. આ વેપારી કહે છે, મેં તમને યાત્રિક જાણીને આ ઓટલે પડી રહેવા દીધા, કાંઈ વિરોધ કર્યો નહી. એ વિચારતો નથી અને સામેથી સોનું માગે છે ! વેપારીને મનમાં લાગ્યું, આને ક્યાંક મનોચિકિત્સક પાસે લઈ જવો પડશે. ઓટલો વાળે ને કદાચ મજૂરી માંગે તો બે પૈસા થાય, કાંઈ દસ શેર સોનું થોડું થાય ?

સ્વામિનારાયણ ભગવાન કહે છે, ‘‘મહાનુભાવાનંદ સ્વામી ! તમારી આ સંસાર યાત્રામાં તમને એમ લાગ્યું કે સુખ અને વિશ્રાંતિનું સ્થળ અમારો આશરો છે અને તમે સંસારના થોડા તિરસ્કાર સહન કર્યા, ઘરનો ત્યાગ કર્યો, માન-અપમાન સહન કર્યા અને હવે માંગો છો ચરણારવિંદની સેવા ! તે આ બધું અમે સહન કર્યું છે. સ્વામી ! એના બદલામાં ચરણ સેવા તો દશ શેર સોનું માગવા બરોબર છે. એ એમ કાંઈ ન મળે.

શ્રીજી મહારાજ કહે છે, ‘‘સ્વામી ! તમને ખ્યાલ હશે કે આ ચરણની સેવા માટે તો મોટા મોટા યોગીઓ, મહર્ષિઓ, તપસ્વીઓ માટીના રાફડા થઈ ગયા, મોટા મોટા સૌભરી જેવા, ચ્યવન ઋષિ જેવા એ હજારો વર્ષની તપસ્યા કરી છે. આ ચરણારવિંદના સાક્ષાત્કાર માટે આખી જીંદગી તપમાં ખપી જાય છતાં ચરણારવિંદની સેવા નથી મળતી સ્વામી ! અને તમે જરા કોઈએ બે ખોબા ધૂળ નાંખી અને કહો છો, અમે બહુ સહન કર્યું ! લાવો, ચરણારવિંદની સેવા એમ તો કાંઈ મળતી હશે !

મહાનુભાવાનંદ સ્વામી કહે છે, સારૂં મહારાજ ! જેમ તમે રાજી એમ. અમે ઓટલો વાળ્યો છે એમ અમે માનીએ છીએ એ અમારી ભૂલ. ચરણારવિંદની સેવા નહી માંગીએ. તમે રાજી રહેજો.

પછી શ્રીજી મહારાજે ચરણ લાંબા કર્યા, લ્યો દાબો, દાબો, હે મહાનુભાવાનંદ સ્વામી ! આ તો અમે તમને અધીરા બનાવવા વાત કરી. બાકી તમે તો પૂર્વના મુક્ત

છો. તમારા જેવા સંતની જે સેવા કરશે એનું કલ્યાણ થઈ જશે. તમારા જેવા સંતની સેવા જેને મળે એને એટલાં પૂર્વના પુણ્ય હશે. સ્વામિનારાયણ ભગવાન કહે છે, ''જેને સંત સેવામાં રૂચિ હોય, રૂચિ એટલે પ્રેમ, શ્રધ્ધા એ સંસાર સાગર તરી જાય છે.''

**''સંત સેવ્યા તેણે સર્વે સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવન, ઋષિમુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન.''**

ભગવાન કહે છે - ''જેમાં જગતનો દોષ લગીરે ન હોય એવા તમારા જેવા ભગવાનના પવિત્ર સંતની જેણે સેવા કરી એનો બેડો પાર થઈ જાય. સ્વામી ! આ ચરણારવિંદ હાજર છે.'' પછી સ્વામીએ ભગવાનના ચરણારવિંદની સેવા કરી.

મિત્રો ! કેવી સરસ વાત છે ! જીંદગીમાં યાદ રાખીએ કે ભગવાને આપણી ઉપર અપાર કૃપા કરી છે. જેથી આપણને સહેજે સહેજે નરનારાયણદેવ, આચાર્ય મહારાજ, સંતો અને આ દિવ્ય સત્સંગની પ્રાપ્તિ થઈ છે. એના બદલામાં આપણે ભગવાન માટે કાંઈ જ કરતા નથી. ભગવાન દયાળું છે, એ આપણી પાસે બદલો માગતા નથી. પણ ભાવથી ભગવાનની ભક્તિ કરવી, ભજન કરવું, સેવા કરવી એ આપણું કર્તવ્ય છે.

●

## હિંમત રાખે તેને હરિ મદદ કરે

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સંઘે શક્તિ કલોયુગે...... કળિયુગમાં સંઘમાં શક્તિ રહી છે. સંગઠન દ્વારા જે કાંઈ પણ કાર્ય કરવામાં આવે તે સફળતા અપાવે છે. સંગઠનની સફળતા માટે સંગઠનના તમામ સભ્યોનો સંપ મહત્વની ભૂમિકા ભજવે છે. જે કોઈ પણ સમુદાય સંપ દ્વારા મક્કમતાથી કોઈ કાર્યની શરૂઆત કરે તો તેમાં ભગવાનની સહાય ભળે છે. અને સફળતાની પ્રાપ્તિ થાય છે. આજની આ વાત પણ આપણને આવું જ કાંઈક શીખવશે તો ધ્યાનથી આ વાતનું વાંચન કરીએ.

જગતના બધા પ્રેમમાં માતાનો પ્રેમ શ્રેષ્ઠ છે. બાળકો ! તમને પણ તમારી માતા કેટલો બધો પ્રેમ આપે છે. તમને માતાનું વ્હાલ કેવું આનંદકારી લાગે છે. સાચી વાત છે ને ? માતા મનુષ્યમાં જ પ્રેમ વરસાવે છે તેવું નથી. પશુ, પક્ષીમાં પણ માતા પોતાના બચ્ચાં પ્રત્યે એટલી જ પ્રેમાળ હોય છે. પક્ષી કે પશુના બચ્ચાંને કોઈ જરા પકડવા જાય તો માતા તરત જ પોતાના બચ્ચાંના રક્ષણ માટે દોડાદોડ કરી મુકે છે.

પક્ષીઓને હાથ ન હોવા છતાં પણ બચ્ચાંને જન્મ આપતા પહેલા તેને રહેવા માટે સારો માળો બનાવવાની તૈયારી કરી દે છે અને જન્મ પછી પણ બચ્ચાંની ખૂબ સારી સંભાળ લે છે.

પક્ષી જગતમાં ટિટોડીનું નામ તો તમે બધાએ સાંભળ્યું જ હશે. આવું એક ટિટોડી દંપતિ દરિયાકાંઠે રહેતું હતું. તે ખૂબ સંતોષી અને આનંદી હતું. બને પરસ્પર સંપ-સદ્‌ભાવથી રહેતા હતા. આવા સદ્‌ભાવી દંપતિમાં પણ એક વાતે કાયમ ઝઘડો થતો. તે કારણ હતું - દરિયો ટિટોડીના ઈંડા તાણી જતો. જ્યારે ઈંડા મુક્યા પછી આ બંને ખોરાકની શોધમાં જતાં ત્યારે સમુદ્રની ભરતીના પાણી ઈંડાને ખેંચી જતા. આવું એકવાર નહી પણ બે-ત્રણ વાર થઈ ગયું હતું તેથી હવે માદા ટિટોડીએ તેના પતિને બીજે રહેવા માટે જતા રહેવા વિનંતી કરી પણ પતિને પોતાનું કાયમી ઘર ખૂબ વ્હાલું હોવાથી તે બીજે જવા માનતો નહી. પત્નીને ઈંડાની ચિંતા રહેતી તેથી આ બાબતે બંને વચ્ચે ઝઘડો થઈ જતો હતો. દર વખતે પરિણામ સ્વરૂપ ઈંડાને સમુદ્રના પાણી ખેંચી જતા. હવે તો આ વખતે માદા ટિટોડી ખૂબ ખીજાઈ અને કહેવા લાગી. હવે મારે દરિયાકાંઠે રહેવું નથી. આપણે બીજે જતા જ રહીએ. તો એનો પતિ કહેવા લાગ્યો. તું ડરીશ નહીં. આ વખતે સમુદ્ર આપણને હેરાન નહી કરે. જો હેરાન કરશે તો હું તેની સાથે યુદ્ધ કરી તેને હરાવીશ. પતિના આ વચનો

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરની ઓફિસ નંબર**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

સાંભળી તે શાંત રહી.

આ વખતે પણ ઈંડા મુકીને બંને ખોરાકની શોધમાં ગયા પાછા આવીને જોયું તો ઈંડા અદ્રશ્ય થઈ ગયા હતા. આ દ્રશ્ય જોઈ માદા ટિટોડી તો ખૂબ ખિજાઈ. ગુસ્સામાં આવી કહેવા લાગી - ''પહેલા તમે ડંફાસો મારતા હતા કે જો સમુદ્ર ઈંડા લઈ જશે તો તેની સાથે યુધ્ધ કરી તેને હરાવીશ. તો હવે મને ઈંડા પાછા લાવી આપો. નહી તો હું સમુદ્રમાં ડુબી મરીશ.''

પતિએ પત્નીને શાંત પાડી અને સમુદ્રને વિનંતી કરવા લાગ્યો. ભાઈ સમુદ્ર ! તું તો વિશાળ હૃદયનો છે, અમને નાનકડા પક્ષીને શા માટે તું હેરાન કરે છે ? અમારા ઈંડા અમને પાછા આપી દે. પણ ઘમંડી સમુદ્ર આવા નાના પક્ષીની વિનંતી કાંઈ કાને ધરે ખરો ! તે તો કહેવા લાગ્યો કે તારાથી જે થાય તે કરી લે. હું તારા ઈંડા પાછા આપીશ નહી.

સમુદ્રની આવી અભિમાનભરી વાણી સાંભળી નર ટિટોડીને ઘણો ગુસ્સો આવ્યો. તેણે તો બીજા ટિટોડી પક્ષીઓની આખી જમાત ભેળી કરી. તેની આગળ આખી વાત રજુ કરી. સહુએ સંગઠિત થઈ સમુદ્ર સાથે લડાઈ કરવાનો નિર્ણય કર્યો. બીજા બધા પક્ષીઓ પણ આ જમાતના નિર્ણય મુજબ કાર્ય કરવા સંમત થયા ને એવો ઠરાવ કર્યો કે ''આપણે સર્વ પક્ષીઓએ ભેગા મળી સમુદ્રમાં પથરા ફેંકી સમુદ્રને પુરી નાંખવો.''

પછી તો સહુ ભેગી મળી પોતપોતાની ચાંચમાં જે પથ્થર કે કાંકરી આવે તે ઉપાડી ઉપાડી સમુદ્રમાં નાંખવા લાગ્યા. પણ આવા નાના કાંકરાથી સમુદ્ર થોડો સૂકાય ! પણ પક્ષીઓ મહેનત કરવા લાગ્યા. આ પક્ષીઓને મહેનત કરતા જોઈ દયા લાવવાને બદલે સમુદ્ર તેમની મશ્કરી કરવા લાગ્યો. ''તમે બધા ભેગા થઈને મને હરાવશો ! તમારી શું તાકાત !'' પણ પક્ષીઓ હિંમત હાર્યા નહી અને પોતાનો પ્રયત્ન બમણા વેગે વધારી દીધો. પક્ષીઓની આ પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હતી તે વખતે ભગવાન વિષ્ણુ ગરૂડ ઉપર બિરાજીને ત્યાંથી પસાર થતા હતા. તેમણે આ દ્રશ્ય જોયું. વાત જાણી તેમણે ગરૂડજીને આજ્ઞા કરી કે તમે આ પક્ષીઓને મદદ કરી ટિટોડીનું દુઃખ દૂર કરો.

ગરૂડતો પક્ષીઓના રાજા. રાજા પોતાની પ્રજાનું દુઃખ કઈ રીતે જોઈ શકે ! તેથી પ્રભુની આજ્ઞા મળતા તેઓ તૈયાર થઈ ગયા. તેમણે તો મોટા મોટા પહાડો ઉંચકીને સમુદ્રમાં નાંખવા માંડ્યા. તેથી થોડીવારમાં તો સાગર પુરાવા લાગ્યો. સાગરને આ વાતની ખબર પડી કે હવે તો ગરૂડજી પણ આ પક્ષીઓની સાથે ભળ્યા છે તેથી મારૂ આવી બન્યું સમજો. તેથી સમુદ્ર ગરૂડના શરણે આવ્યો. ગરૂડજીની માફી માંગી, ટિટોડીના ઈંડા પાછા લાવી આપ્યા. પછી ગરૂડજીએ પહાડો ને મોટા પથ્થરો નાંખવાના બંધ કર્યા.

મિત્રો ! તમને કદાચ ખ્યાલ નહી હોય પણ સમુદ્રમાં જે પહાડો ને મોટા મોટા પથ્થરો હોય છે તે આ ગરૂડજીના નાંખેલા છે. ટિટોડી તથા બીજા નાના-નાના પક્ષીઓને સંપ અને ઉત્સાહથી થાક્યા વિના કાર્ય કરતા જોયા અને ભગવાનની આજ્ઞા થઈ તો પક્ષીરાજ ગરૂડજીએ આ પક્ષીઓની સહાય કરી એ સહાયથી નાના-નાના પક્ષીઓ વિશાળ સમુદ્રને હરાવી શક્યા. હિંમત રાખીને સંપ દ્વારા સંગઠીત થઈ જો કાર્ય કરવા લાગે તો તેમાં ભગવાનની સહાય ભળે છે. અને ભગવાન સહાય કરે પછી તો તેની જીત જ હોય. તેમાં કોઈ શંકા નહીં.

બાળ મિત્રો ! તમે જો કોઈ પણ કાર્ય સંપ અને સદ્‌ભાવથી સાચી દિશામાં કરવાનું ચાલું કરશો, સાચી મહેનત કરશો તો ભગવાનની સહાય તેમાં ભળશે અને ભગવાનની સહાયથી તમે પણ સફળતાના સોપાનો સર કરી શકશો. તેથી જ કહેવત છે કે - ''હિંમતે મર્દા તો મદદે ખુદા.'' બહાદુરીથી હિંમતપૂર્વક કાર્ય કરનારને ભગવાનની સહાય પ્રાપ્ત થાય છે અને તેનો જ વિજય થાય છે. આપણા બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે ''જો હોય હિંમત રે નરને ઉરમાંહી ભારી, દઢતા જોઈને રે તેને મદદ કરે મોરારી.''

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫

● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "બીજા નિયમની સાથે 'ધ્યાન' કરવાનો પણ અભ્યાસ કરજો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

જે સહેલાઈથી થઈ જાય તે **'નિયમ'** બધા લેતા હોય છે. પરંતુ જે રોજ કરતા હોઈએ જલ્દી પતી જાય એવું નહિ પણ **જે વસ્તુ અઘરી લાગેને એમ થાય કે મારાથી આ નથી થતું તો એ નિયમ લેવાનુ. તો સૌથી અઘરું શું છે? તો 'ધ્યાન' કરવાનું. ધ્યાન જલ્દી થતું નથી. તો એનું કારણ શું છે ?** તો આપણે મૂર્તિના દર્શન કરીએ છીએ ત્યારે ખિસકોલીની જેમ કરીએ છીએ. ખિસકોલીને તમે જુઓ તો ખિસકોલીનું ધ્યાન ચારે બાજુ હોય છે. થોડું ચાલે અને ચારે બાજુ જુએ. બધી બાજુ ધ્યાન રાખે. તેમ આપણે પણ મૂર્તિનું દર્શન કરીએ છીએ ત્યારે આપણી પાછળ કોણ છે ? કોણ આપણને ધક્કો મારે છે. બધું જ ધ્યાન રાખીએ છીએ. પરિણામે આપણે ધ્યાન કરવા બેસીએ છીએ ત્યારે મૂર્તિની સાથે આ બધું પણ દેખાય છે. **'ધ્યાન' શેના માટે જરૂરી છે. તો ધ્યાનના માધ્યમથી કારણ શરીરની વાસના ટળે છે. આપણા કારણ શરીરની અંદર જે વાસના છે તે મૃત્યુ સુધી જતી નથી. 'વાસના' અને 'આત્મા' જુદાં પડતા નથી. ધ્યાન કરવાથી જ આ શક્ય બને છે. સોયના નાકા જેટલી પણ જો વાસના રહી જાય તો 'મુક્તિ' મળતી નથી.**

મહારાજે શિક્ષાપત્રીમાં શ્લોક નં. ૧૧૫ માં લખ્યું છે કે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેતા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥ **તો એ વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવી પડે કે જ્યારે 'ધ્યાન' કરવું ત્યારે ભગવાનનું જ ધ્યાન કરવું.**

અને મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે : "રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું.'' તો ઘણાને મનમાં એવો સવાલ થાય છે કે ભગવાન સિવાય કોઈનું ધ્યાન થાય નહિ, તો રાધિકાજીની જગ્યાએ શ્રીજી મહારાજના પરમ એકાંતિક મુક્તો છે. તો ભગવાન સાથે મુક્તો છે તેમને રાધિકાની 'ઉપમા' અપાય છે. ભગવાન પોતાના પરમ એકાંતિક ભક્તો સાથે જ હોય છે.

અને પછી એમ પણ કહ્યું છે કે **"અને તે ધ્યાન કરતા મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું કાયર થઈને ધ્યાનને મૂકી દેવું નહિ."** પણ પ્રયત્ન કરવો. તો આપણે 'પ્રયત્ન' ચાલુ રાખવાનો છે. જેમ ચકલી એક એક તણખલું લઈ માળો બાંધવા પ્રયત્ન કરે છે. તેમ આપણે પણ ધ્યાન માટેના જે સાધન બનાવ્યા છે તેમાં એક એક કરી આગળ વધાય તેવો પ્રયત્ન કરવાનો છે તો 'ધ્યાન' માટેના સાધનો ક્યા છે. તો અષ્ટાંગ યોગમાં જે આઠ યોગ બતાવ્યા છે. તેમાં 'ધ્યાન' સાતમાં ક્રમે આવે છે. તો ધ્યાન સિધ્ધ થાય તેના માટે આગળના છ સાધી લઈએ ત્યારે તો 'ધ્યાન' શક્ય બને છે. તો આગળના છ માં પહેલું આવે છે. 'યમ' **તો યમમાં શું આવે ? તો સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ તો**

(૧) સત્ય એટલે જે કથન ધર્મસહિત હોય અને બધાને માટે હિતકારી હોય એવા કથનને 'સત્ય' કહે છે. (હિત પ્રીત અને મીત વાણી)

(૨) અહિંસા એટલે મન, વચન અને કર્મથી કોઈને પણ પીડા ન થાય તેને અહિંસા કહેવાય છે.

(૩) અસ્તેય એટલે પોતાને નહિ આપેલું પરધન તેનું પરોક્ષપણે કે બળજબરીથી ક્યારેય ગ્રહણ ન કરવું.

(૪) સ્ત્રીને પુરુષનો અને પુરુષને સ્ત્રીનો આઠ પ્રકારે ત્યાગ એ બ્રહ્મ ધામની પ્રાપ્તિ કરાવનારુ બ્રહ્મચર્ય છે.

(૫) અપરિગ્રહ એટલે પોતે વિચાર કરી ત્યાગ કરેલા પદાર્થનો સંગ્રહ ન કરવો.

બીજું આવે છે **'નિયમ' તો નિયમમાં શું આવે છે તો શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન તો**

(૧) શૌચ એટલે બાહ્ય અન આભ્યંતર (આંતરિક) એમ બે પ્રકારની શુધ્ધિ જોઈએ.

(૨) સંતોષ તો ઈશ્વરેછાથી જે કાંઈ પ્રાપ્ત થયેલ છે તેમાં સંતોષ માનવો.

(૩) તપ એટલે ચાંદ્રાયણ આદિ વ્રતથી શરીરનું શોષણ એ બાહ્ય તપ છે. આભ્યંતર તપમાં ઈન્દ્રિયોને સંયમમાં રાખવાની મનને બધી વસ્તુ આપી નહિ દેવાની, વાણીનું પણ તપ હોય છે.

(૪) સ્વાધ્યાય એટલે શાસ્ત્રોનું અધ્યયન.

(૫) ઈશ્વર પ્રણિધાન એટલે શ્રીહરિનું મનથી વાણીથી ચિંતવન શરીરથી સ્તૃતિ અને પૂજન કરવું.

યોગનું ત્રીજું અંગ છે. **'આસન'** તો આસનો બહુ પ્રકારના છે. તેમાં જે આસન સ્થિર સુખવાળુ પોતાને થાય તેનો આશ્રય કરવો. શરીરના રોગોનો નાશ અને પ્રાણાયામમાં અધિકારપણું આ સર્વ કોઈ આસનોનું ફૂળ કહેલું છે. અને પછી આવે છે. **'પ્રાણાયામ'** તો પ્રાણાયામ એટલે શ્વાસ પર નિયંત્રણ. પ્રાણાયામના મુખ્ય ત્રણ પ્રકાર છે. **પૂરક, કુંભક અને રેચક.** તો પૂરક એટલે શ્વાસ લેવાનો, કુંભક એટલે શ્વાસને રોકી રાખવાનો અને રેચક એટલે શ્વાસ છોડવાનો.

પછી આવે છે **'પ્રત્યાહાર'** તો પ્રત્યાહાર એટલે પોતાની જે ઈન્દ્રિયો છે તેને બાહ્ય જગતમાંથી અનાસક્ત કરી આત્મા તરફ વાળવી તેને પ્રત્યાહાર કહેવાય છે. કાચબાની જેમ બધી ઈન્દ્રિયોને સંકોચાઈને રાખવી. વ્યર્થનું બોલવાનું નહિ, ખાવાનું નહિ, બધું નિયમમાં રાખવું જેનાથી ઈન્દ્રિયોની પરવશતા થકી 'મુક્તિ' મળે છે.

પછી **'ધારણા'** એટલે દૃઢ નિશ્ચય સાથે એકાગ્રતા હૃદય વિષે ભગવાનની મૂર્તિમાં પ્રાણ સહિત મનનું જે સ્થિરિકરણ તે ધારણા કહી છે. ધારણાનું ફૂળ એ ધ્યાનની સિધ્ધિ છે.

યમાદિ છ અંગોના અભ્યાસથી કર્મદોષો ક્ષીણ થાય છે. ત્યારે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ઈન્દ્રિયોની પરવશતાથી મુક્તિ આ બધા ગુણો સ્હેજે વર્તે છે. અનુભવવામાં આવે છે. તેના માટે પ્રયત્ન કરવો પડતો નથી. ક્રોધ, માન, માયા, લોભ એ બધા કષાયોથી આપણે ઘણે બધે અંશે મુક્ત થઈ ગયા હોઈએ છીએ. અને આપણામાં **સરળતા, સહજતા, ધૈર્ય, સૌમ્યતા, મૃદુતા, નમ્રતા આ બધા ગુણો પ્રગટ થાય છે. અર્થાત્ મન, બુદ્ધિ, અંતરાત્મા બધું ઉંચે ઉઠે છે. ચિત્તની નિરોધતા થાય છે. ચિત્તની નિરોધતા એટલે આ જે પરિવ્રતનશીલ જગત છે. તેના પ્રભાવથી માણસ મુક્ત બને છે.** વિક્ષિપ્તાથી મુક્તિ મળે છે. અને ત્યાર પછી ધ્યાન કરવાનું સરળ થઈ જાય છે. અર્થાત્ આપણું મન ભગવાનમાં **'પ્રેમવૃધ્ધિ'** કરનારું થાય છે અને આપણે 'ધ્યાન' કરવા બેસીએ એટલે તરત ભગવાન મળી જાય તે શક્ય નથી. આપણે સ્કૂલમાં ભણવા બેસીએ અને તરત કોલેજની ડીગ્રી મળી જાય તે શક્ય નથી. તેમ આધ્યાત્મિક જગતમાં પણ પરમાત્મા પ્રાપ્ત કરવા માટે મહેનત કરવી પડે છે. અને બધું શક્ય છે. પરંતુ અભ્યાસ કરવો પડે છે.

જેમ આપણે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો જ્યાં સુધી નથી મળી જતી ત્યાં સુધી આકાશ-પાતાળ એક કરી દઈએ એટલી મહેનત કરીએ છીએ અર્થાત્ શરીરની ક્ષમતા કરતા પણ વધારે શરીર પાસેથી કામ લઈએ છીએ. ગમે તે કરી પરંતુ તે વસ્તુ પ્રાપ્ત કરી લઈએ છીએ. તો આપણે જગતની સામાન્ય વસ્તુ મેળવવા માટે પ્રયત્ન કરવાનું નથી છોડી દેતા તો પરમાત્માને પ્રાપ્ત કરવા માટે પણ રોજ અભ્યાસ કરવો પડે છે.

માટે બધાએ જે કાંઈ **'નિયમ'** લીધું હોય તે કરજો પણ **'ધ્યાન'** કરવાનો પણ થોડો અભ્યાસ રાખજો.

**અને એક 'નિયમ' બધા ચોક્કસ લેજો કે આપણા નિમિત્તથી કોઈના આંખમાં આંસુ ક્યારેય ના આવે. કેમ કે ? આપણે સૌથી પહેલા સારા માણસ બનવું પડે છે. તમારા લીધે એક પણ વ્યક્તિના આંખમાં આંસુ આવતા હોય તો બધું નિરર્થક છે.** અને આજના દિવસે મહારાજના ચરણોમાં પ્રાર્થના કે તમારા લીધેલા બધા નિયમો પુરા થાય.

●

## તંદુરસ્તીની ચાવી - યોગ

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

યોગ એ ભારતની પ્રાચીન વિરાસત છે. જેનાથી માણસનો શારીરિક, બૌધ્ધિક, આધ્યાત્મિક વિકાસ થાય છે. યોગ એ શરીરની એકતા, શ્વાસોનો લય અને મગજના વિચારોને અંકુશમાં રાખવાનું કામ છે. 'યોગ' એ શરીરનો વ્યાયામ છે. મનનો નિયમન છે અને આધ્યાત્મિકનું આગમન છે. માટે ૧૧ મી ડિસેમ્બર-૨૦૧૪ ના દિવસે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો. ટૂંકમાં 'IDY' કહેવાય છે. એના ભાગ રૂપે આ દિવસે ઠેર ઠેર યોગ-આસનોની શિબિરો ચાલે છે. તંદુરસ્તી જાળવવા માટે અનેક લોકો આમાં ભાગ લે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' જો શરીરને તંદુરસ્ત-નિરોગી રાખવું હોય તો યોગની જરૂર છે.

સમગ્ર ગીતામાં યોગ સૂત્રો છે. દા.ત. સમત્વે યોગ ઉચ્યતે યોગ કર્મસુ કૌશલમ્ કર્મમાં કુશળતા એ યોગ જ છે. યોગીઓની બે અવસ્થા છે. કર્મયોગી અને જ્ઞાનયોગી. ગીતા સ્વયં અવિનાશી યોગ છે. જે સૌ પ્રથમ ભગવાને સૂર્યને અને પછી મનુએ ઈક્ષ્વાકુ ને કહ્યો હતો. એ જોતા તો યોગ સૂર્ય છે. ત્યારથી જ છે. જે યોગ યુક્ત છે તે રોગ મુક્ત છે. ભોગ મુક્ત છે. યોગ કરે તે યોગી-યોગી બને ઉપયોગી. ભક્તિની દૃષ્ટિએ જોઈએ તો યોગ એટલે ભગવાન સાથે જોડાવું.

આજે માણસ પાસે સમય નથી. ધનસંપત્તિ અને પૈસો માણસ પાસે છે જ. પણ શાંતિ નથી અને શાંતિ મેળવવા માટે જ આપણા ઋષિમુનિઓ જંગલમાં જઈને શ્વાસને પોતાના ઈષ્ટદેવની આરાધનામાં રોકીને હજારો વર્ષો સુધી તપસ્યા કરતા હતાં. આ રીતે પ્રાણાયામ દ્વારા મંત્રોચ્ચાર સાથે શાંતિથી સાચા મનથી સાચા દિલથી ભગવાનની ભક્તિ કરીને, ભગવાનનો સાક્ષાત્કાર કરીને લાંબુ અને આરોગ્યમય આયુષ્ય મેળવી શકતા હતાં.

સંસ્કૃતધાતુ યુજૂ-પરથી યોગ શબ્દ બન્યો છે. યુજૂનો અર્થ છે, જોડાવું આત્માને પરમાત્મા સાથે જોડવાની શાસ્ત્રોક્ત પધ્ધતિમાં યોગનો સમાવેશ થાય છે.

મહારાજ જ્યારે વન-વિચરણ સમયે બુટોલનગરથી આગળ ઉત્તર દિશામાં જતાં રસ્તામાં તેમને ગોપાળયોગી મળે છે અને તેમની પાસેથી યોગ શાસ્ત્રનો અભ્યાસ કરે છે. ભક્તચિંતામણી પ્રકરણ-૩૦ માં કહ્યું છે.

**રહ્યાં ગોપાળયોગીને પાસ રે,**
**કર્યો યોગશાસ્ત્રનો અભ્યાસ રે ।**
**કાવે જે કોઈ અષ્ટાંગ યોગ રે,**
**શિખ્યા જેથી મટે ભવરોગ રે ॥**
**મોટી બુદ્ધિવાળા ઘનશ્યામ રે,**
**શિખ્યા યોગ અંગ કહું નામ રે ।**
**યમ-નિયમ આસન જેહ રે,**
**પ્રાણાયામ પ્રત્યાહાર તેહ રે ॥**
**ધારણા વળી ધ્યાન જે કહીએ રે,**
**આઠમું અંગ સમાધિ લઈએ રે ॥**

મહારાજ ત્યાર પછી જ્યારે લોજમાં રહેતા ત્યારે પણ દરેકને યોગકળા શીખવતા. આ વાત પણ ભક્તચિંતામણી પ્રકરણ-૪૪ માં આવે છે.

માટે શરીરને કેળવવા જેમ કસરત જરૂરી છે તેમ મનને કેળવવા યોગની જરૂર છે.

આહાર-વિહાર કાળજી, જાગવા-ઉંઘવામાં નિયમિતતા, વાણીનો સંયમ, હકારાત્મક વિચારો, અહિંસા, જેવા યમ-નિયમના પાલન માટે યોગમાં ખાસ આગ્રહ છે.

ઈષ્ટદેવના મંત્રોચ્ચાર સાથે યોગ કરવાથી આંતરિક બુધ્ધિને બળ મળે છે. જેથી જીવનની કઠીન પરિસ્થિતિમાં સાચો નિર્ણય લેવાની શક્તિ મળે છે. તનાવ મુક્ત રહી શકીએ અને દરેક રોગમાંથી હંમેશને માટે મુક્ત થઈ શકાય છે, શ્વાસોચ્છવાસનું નિયમન કરી શરીર સૌષ્ઠવ ઉપાર્જન કરી શકાય છે. મનનું માજન કરી શકાય છે.

**'મનુષ્યાણોનામ્ બંધન મોક્ષયો કારણ.'**

અર્થાત્ માનવીનું મન જ મોક્ષ કે બંધન માટે જવાબદાર છે.

માટે શરીરને ધ્યાન મગ્ન અને યોગમગ્ન બનાવવા સ્વાસ્થ્યનો મહિમા વધારવા, સમાજમાં ચેતના અને જાગૃતિ જગાવવા આજના સમયમાં દરેક માણસની નૈતિક ફરજ છે જે આપણને "IDY ૨૧ જૂન'' ની યાદ અપાવે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં આજ્ઞા રૂપે શ્રી મહાદેવજીનું પૂજન બિલ્વપત્રાદિકે કરવાનું કહ્યું છે.

પ્ર. ૨ એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે ?

પ્ર. ૩ જે નવ વાના રાખે તેને કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે તે નવ વાનાં ક્યાં ?

પ્ર. ૪ ''ગમે તેવો આપત્કાળ પડે અને પોતાના ધર્મમાંથી ન ખશે તે ક્યે લક્ષણે કરીને ઓળખાય ?''

પ્ર. ૫ સ.ગુ. ભાઈ રામદાસ સ્વામીએ દેહ મૂક્યો તેના પછી મહારાજ ઉદાસ રહેતા હતા. સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું, આમ કેટલા દિવસ ઉદાસ રહેશો. તો શ્રીહરિ કહે સ્વામી ! ભાઈની યાદ અમોને સતાવે છે. હવે અમે કોને ભાઈ કહેશું ?'' - શ્રીજી મહારાજે કોને ભાઈ બનાવ્યા હતા.

પ્ર. ૬ નંદ ભુવન આવી વ્રજનારી, વ્હાલાજીને વધાવા રે, લાલતણાં વારણીયા લઈને, ગીત મનોહર ગાવા રે.

પ્ર. ૭ સ્વામિનારાયણ ભગવાન તાવી ગામમાં કેટલી વખત પધાર્યા છે ?

## ઓગસ્ટ-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) ગ.અં. ૨૧ માં. (૨) દિવબંદરના. (૩) ભીષ્મપિતાએ. (૪) રુમાલ. (૫) કૃતઘ્ની. (૬) પાપી. (૭) અયોધ્યાપ્રસાદજી મહારાજ

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ સીતાપરા ગોરધનભાઈ વાલજીભાઈ (બાપુનગર)
૪ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫ પટેલ લીલાબેન જોઈતારામ (ઝુલાસણ)
૬ પટેલ જોઈતાભાઈ આત્મારામ (ઝુલાસણ)
૭ પટેલ વંદનાબેન કનૈયાલાલ (રાણીપ)
૮ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૯ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૦ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૧૨ મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૧૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૪ ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૧૫ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૬ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૭ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૧૮ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૧૯ પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા)
૨૦ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૨૨ પટેલ શારદાબેન રાવજીભાઈ (સાબરમતી
૨૩ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૨૪ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૫ સાં.યો. બહેનો (વાવોલ)
૨૬ પટેલ ઉષાબેન એમ. (વાવોલ)
૨૭ પટેલ શારદાબેન એચ. (વાવોલ)
૨૮ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૯ ભાવસાર ચંદુભાઈ પુરષોત્તમદાસ (નવાવાડજ)
૩૦ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૩૧ પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર)
૩૨ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા, (ધ્રાંગધ્રા)
૩૩ સાં.યો. ભારતીબા, મંજુબા (સ્વા.મંદિર કાલુપુર હવેલી)
૩૪ પટેલ અલકાબેન દિનેશકુમાર (લુણાવાડા)
૩૫ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૬ સાં.યો. બહેનો સ્વામિ. મંદિર જુનું બહેનોનું (મોરબી)
૩૭ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૩૮ ભાવસાર રંજનબેન બંસીલાલ
૩૯ સોની પલ્લવીબેન આર. (સુરેન્દ્રનગર)
૪૦ પૂજારી મહેશ ભગત (જીવરાજપાર્ક)
૪૧ દ્રષ્ટિ, નિધિ, ઝલક, માનસી, રાધિકા પટેલ (તુરખા)
૪૨ ગાબાણી હસમુખભાઈ સવજીભાઈ (તુરખા)
૪૩ પટેલ લલિતાબેન રમણભાઈ (સાબરમતી)
૪૪ પટેલ મીના એસ. (આંબાવાડી)
૪૫ શાહ કોકીલાબેન કાંતિલાલ (કપડવંજ)
૪૬ પટેલ કોકીલાબેન બાબુલાલ (સાબરમતી)
૪૭ પટેલ શારદાબેન રતિલાલ (સાબરમતી)
૪૮ પટેલ કિંજલ ભરતકુમાર (સાબરમતી)
૪૯ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૫૦ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૫૧ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૫૨ સોની ભરતભાઈ અમૃતલાલ (માણસા)
૫૩ ખટાણા દાનુભાઈ ડાહ્યાભાઈ (બળોલ-ભાલ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ભવ્ય હિંડોળાનાં દર્શન**

ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પૂર્ણકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રાવણ માસમાં ભવ્ય હિંડોળા સૂકામેવા, લીલા મેવા-ફળો, ચોકલેટ, પવિત્રા, ફુલ આદિ વિવિધ પ્રકારના ભવ્ય હિંડોળા બનાવીને સાંજના ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. ઘણા શ્રધ્ધાવાન પ્રેમી હરિભક્તોએ હિંડોળામાં યજમાન બની મહા લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર સેવામાં સ્વામી હરિચરણદાસજી (કલોલ), ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, ભક્તિ સ્વામી, શા. નારાયણમુનિ સ્વામી અને કોઠાર સ્ટાફ આદિએ સુંદર સેવા બજાવી હતી. (ચેતન જંગલે - કોઠાર ઓફિસ)

**મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું મંદિર) કથા પ્રસંગે શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યોને સૌજન્ય ભેટ**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું)માં સેવાપૂજા કરતા સાં. રાજકુંવરબા - ઉષાબાની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ અંકના ૧૫ સભ્યોને પચાસ ટકા, સૌજન્ય સેવા પ.ભ. મનોજભાઈ ઉલીયાવાળા પરિવારે કરી હતી. જેમને ખૂબ ખૂબ ધન્યવાદ, તેમને પ.પૂ. લાલજી મહારાજશ્રી અંતઃકરણના આશીર્વાદ પાઠવે છે.

(પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) કથા એવમ્ હિંડોળા ઉત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી પ.ભ. લાલજીભાઈ પુનાભાઈ ડોબરીયાના મુખ્ય યજમાન પદે તથા મનસુખભાઈ એમ. શેલડીયાના સહયજમાન પદે શ્રાવણ માસમાં તા. ૧૨-૮-૧૮ થી તા. ૧૮-૮-૧૮ પર્યન્ત કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા. છેલ્લા દિવસે ૩ કલાક શ્રીહરિ નામ સ્મરણ ધૂન કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ ભક્તોને યજમાન તરફથી ભોજન પ્રસાદ જમાડવામાં આવેલ. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી બહેનોના મંદિરમાં બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા.

તા. ૨૯-૭-૧૮ થી તા. ૨૮-૮-૧૮ પર્યન્ત ઈલેક્ટ્રોનિકના અવનવા કલાત્મક હિંડોળા દર્શન અને સમાજ ઉપયોગી પ્રદર્શન યોજાયું. જેમાં પર્યાવરણ, વૃક્ષ વાવો, વ્યસનમુક્તિ, અક્ષરધામની ટ્રેન આદિ સુંદર પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જેના હજારો મુમુક્ષુઓએ દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી આપણા બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.ભ. ખીમજીભાઈ ભગવાનભાઈ (મેડાવાળા)ના પુત્રો શ્રી ગોવિંદભાઈ તથા શ્રી રતીભાઈના યજમાન પદે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણ તા. ૧૩-૮-૧૮ થી તા. ૧૯-૮-૧૮ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બાવળા મંદિર)ના વક્તાપદે થઈ હતી.

પુરુષોત્તમ માસમાં બોપલ, બાવળા, વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપક્રમે આ જ ગ્રંથની કથા હરિદ્વારમાં યોજાઈ હતી તેના અનુસંધાને યજમાન પરિવારના સંકલ્પથી આ કથામાં ઉપરોક્ત ત્રણેય મંદિરોની આસપાસ વસતા હરિભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

પારાયણ દરમ્યાન કાલુપુર મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને મૂળીના વ્રજવલ્લભ સ્વામી આદિ સંતો પણ પધાર્યા હતા.

અત્રે મંદિરના સંત ધર્મસુતપ્રિયદાસજી અને બાવળા મંદિરના સંતોએ નંદ સંતો રચિત સુંદર કીર્તનનું ગાન કર્યું હતું. કોઠારીશ્રી અમૃતભાઈ પટેલ સાથે સહયોગી હરિભક્તો શ્રી અરવિંદભાઈ, નવીનભાઈ, રાજુભાઈ, વિપુલભાઈ, મહેન્દ્રભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે રાત્રે પ્રસાદ

(ફરાળ) અને છેલ્લા દિવસે ભોજન પ્રસાદમાં સુંદર સેવા બજાવી હતી. (પ્રવિણ ઉપાધ્યાય)

**બાપુપુરા (માણસા)**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર સે-૨)ની પ્રેરણાથી અત્રે બાપુપુરા ગામે તા. ૨૪-૮-૧૮ ના રોજ પ.ભ. ચૌધરી જેશંગભાઈ સવાભાઈની જીવન અમૃત પર્વ નિમિત્તે સત્સંગ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સંતોએ ભગવાન શ્રીહરિના લીલા ચરિત્રોની વાતો કરી હતી. બાપુપુરા ગામ અને આજુબાજુના ગામોના ૧૫૦૦ જેટલા હરિભક્તોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની મહામંત્ર ધૂન-કીર્તન કરી સંતોની અમૃત વાણીનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (પંડિત - ચૌધરી - બાપુપુરા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા અત્રે રણજીતગઢ મંદિરના સંત સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી તા. ૨૭-૭-૧૮ ગુરુ પૂર્ણિમા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ચિત્ર પ્રતિમાનું પૂજન સંત-હરિભક્તોએ વિધિવત રીતે કર્યું હતું.

પૂ. સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને પ્રસ્થાપિત કરેલ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને પરંપરાના આપણા આચાર્ય મહારાજશ્રીએ સત્સંગને જ પોતાનો ગણીને પોતાનું જીવન સમર્પિત કરેલું છે. શ્રીહરિના ત્રણ ગૂઢ સંકલ્પો દેવ, આચાર્ય અને શાસ્ત્ર એ આપણી અદ્‌ભૂત પરંપરા છે. એમ આપણી વેદ પરંપરાની ગુરુ પરંપરા સુંદર રીતે સમજાવી હતી. સૌ હરિભક્તોએ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(પ્રતિ. અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી ધ્રાંગધ્રા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા દર સોમવારના જુદાં જુદાં હરિભક્તોને ઘેર નિયમિત સત્સંગ સભા થાય છે.

તા. ૨૦-૮-૧૮ ના દેવ-આચાર્યશ્રીના નિષ્ઠાવાન પ.ભ. નટુભાઈ પૂજારાના ઘરે સભા થઈ હતી. જેમાં મૂળી મંદિરના સંતો સ્વામી ધર્મજીવનદાસજી તથા ભક્તિહરિ સ્વામી આદિ સંત મંડળે કથા વાર્તા, ધૂન-કીર્તનનો સુંદર લાભ આપેલ ૫૦૦ જેટલા હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો. સભા સંચાલન વિશ્વવંદન સ્વામીએ કર્યું હતું.

(પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (જુનું) મોરબી સત્સંગ સભા**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી અત્રે મોરબી ખાતે તા. ૨૮-૭-૧૮ ના રોજ અમદાવાદ શ્રી નરનારાયણદેવ અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને ધર્મકુળના ખૂબજ નિષ્ઠાવાન પ.ભ. મનોજભાઈ ચંદુલાલ દયાળજીભાઈ રાણપરા (ઉલીયાવાળા)ના માતુશ્રી અ.નિ. મુક્તાબેનની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે સાં. રાજકુંવરબા, સાં. ઉષાબા અને તેમના શિષ્ય મંડળની પ્રેરણાથી સુંદર મહિલા સત્સંગ સભા થઈ હતી. ૫૦૦ ઉપરાંત બહેનોએ સાંખ્યયોગીબાના વક્તાપદે કથા વાર્તાનો લાભ લીધો હતો.

અ.નિ. મુક્તાબાએ પરિવારમાં મૂળ સંપ્રદાય અને તેની પરંપરા ધર્મકુળ પરિવારની અનહદ નિષ્ઠાનું અદ્‌ભુત ઉદાહરણ અને માતા એ કુટુંબમાં કેવું અદ્‌ભુત પાત્ર છે જે ચલચિત્ર દ્વારા સમજાવ્યું હતું.

સભા સંચાલન અનિલ દૂધરેજીયાએ સંભાળ્યું હતું. (પ્રતિ. શ્રી અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શિકાગો (ઈટાસ્કા) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વિદશાબ્દી મહોત્સવ ઉજવાયો**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી, પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસજી, શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર) આદિ સંતોના માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (ઈટાસ્કા)નો દ્વિદશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ મહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની મહામંત્ર ધૂન, દર એકાદશી તેમજ દર પૂનમના મહાપૂજા અને સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ શ્રી વિષ્ણુસહસ્ર નામ મહાયજ્ઞ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન બુકના નિમિત્તે કરવામાં આવેલ. વિશાળ સંખ્યામાં ભાવિક હરિભક્તો

ઉપરોક્ત આયોજનમાં સવાર-સાંજ પધારતા અને દર્શન કરી ખૂબજ ધન્યતા અનુભવતા હતા. આ પ્રસંગે નિજ મંદિર, સભા મંડપ, સિંહાસનની આજુબાજુ સુંદર મારબલ, કિચન અને સંત નિવાસમાં રિનોવેશન કરવામાં આવ્યું હતું. મહોત્સવ અંતર્ગત શ્રીહરિયાગ, પોથીયાત્રા, શોભાયાત્રા, નવ દિવસ પર્યન્ત સવાર સાંજ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ, રિધ્ધિસિધ્ધિ માતાની પ્રાણ પ્રતિષ્ઠા, શ્રી ગણેશજી-શ્રી હનુમાનજીના નવા શિખર-કળશ, ગુલાબની અસંખ્ય પાંદડીઓથી ઠાકોરજીનો રાજોપચાર, સાંસ્કૃતિક કાર્યક્રમ, રંગોત્સવ, સહિંતાપાઠ, ધર્મકુળ પૂજન, સંત પૂજન, હિંડોળા દર્શન, નવ નવ દિવસ અવનવા છપ્પન ભોગ અન્નકૂટ, મહાભિષેક, બ્લડ ડોનશન સેવા, યુવક મંડળ તરફથી સવાર સાંજ મહાપ્રસાદ વિતરણ, આદિ આયોજનો ધામધૂમથી ઉજવાયા.

આ દ્વિદશાબ્દી મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ડાહ્યાભાઈ અને જસુમતીબેન પટેલ (સાપડ) અને પારાયણના મુખ્ય યજમાન પ.ભ. કેયુરભાઈ પંકજભાઈ પટેલ (વડુ) પરિવાર રહ્યાં હતાં. બીજી અન્ય સેવામાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

શ્રીમદ્ સત્સંગિભૂષણ નવાન્હ પારાયણના વક્તાપદે મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી, શા. સ્વામી ભક્તિનંદનદાસજી (જેતલપુર) બિરાજ્યા હતા. બન્ને વક્તાશ્રીના મુખે સંગીતના સુંદર તાલે હરિભક્તોએ કથાનું શ્રવણ કરી ધન્ય બન્યા હતા. સાથે મૂળી મંદિરના સુવ્રત સ્વામી અને નિલકંઠ સ્વામીએ કથામાં કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી.

દેશ-વિદેશથી અનેક હરિભક્તો અને ૨૦ થી વધુ સંતો જેમાં પૂ. શાસ્ત્રી શ્રી પી.પી. સ્વામી (જેતલપુર) આદિ પધારેલા સંતોએ શ્રીહરિના અનુપમ અલૌકિક લીલા ચરિત્રોનું પાન કરાવ્યું હતું.

આ મહોત્સવ અંતર્ગત શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આપણા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૧ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સભામાં કેક કાપીને હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભવ્યતાથી ઉજવ્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અત્રેના સત્સંગ અને યુવક મંડળની સુંદર પ્રવૃત્તિને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અહીનું સંત મંડળ, દેશ-વિદેશથી પધારેલા હરિભક્તો, દાતાઓ, સ્વયં સેવકો, કિચન કમિટીના સભ્યો વગેરેની સેવાને બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તદુપરાંત આઈ.એસ.એસ.ઓ. સંસ્થાના નવા પ્રોજેક્ટ ''દેવસ્ય'' જે આપણી ભાવિ પેઢી માટે આયોજીત કરવામાં આવ્યો છે. તેમાં સૌને યેનકેન પ્રકારે સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

શિકાગો મંદિર દ્વારા નવું પ્રકાશન ''મહારાજ વખતના હરિભક્તો'' અને શિકાગોના છેલ્લા ૨૦ વર્ષનો મંદિરને લગતા ઈતિહાસને આવરી લેતું 'સોવિનિયર'નું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે વિમોચન વિધિવત રીતે થયું હતું. તમામ પ્રકારની સેવા કરનાર હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે પ.ભ. જગદીશભાઈ પટેલે (આઈ.એસ.એસ.ઓ. પ્રમુખ) આભાર વિધિ કરી હતી. (વસંત ત્રિવેદી - શિકાગો)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો (કેનેડા)નો ભવ્ય દશાબ્દી મહોત્સવ**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા બ્રહ્મનિષ્ઠ સંતો અને હરિભક્તોના સુંદર પ્રયાસથી શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર કલ્ચરલ સેન્ટર ટોરન્ટો આઈ.એસ.એસ.ઓ. કેનેડાનો દશાબ્દી પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

તા. ૨-૮-૧૮ ના કથા પારાયણના પ્રારંભમાં સાંજે ૪ વાગે પોથીયાત્રા કાઢવામાં આવી હતી. તા. ૨-૮-૧૮ થી તા. ૬-૮-૧૮ પર્યન્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ''શ્રીહરિ સ્મૃતિ કાવ્ય'' પંચાન્હ પારાયણ શા. સ્વામી યોગીચરણદાસજી અને શા.સ્વા. વ્રજભૂષણદાસજીના વક્તાપદે થઈ હતી.

તા. ૪-૮-૧૮ ના સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ બાળકો અને યુવાન વિદ્યાર્થીઓ અને સત્સંગી બહેનો દ્વારા આપણા સંપ્રદાયના સ્ત્રી રત્નો, જીવુબા, લાડુબાની વાતો, કૃષ્ણભક્તિ નૃત્ય, નરસિંહાની હુંડી, ગરબા, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો સંકલ્પ ''આંગન'' પ્રોજેકટના હુબહુનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૫-૮-૧૮ના રોજ સવારે ૮ વાગે ઠાકોરજી સમક્ષ સમૂહ મહાપૂજા શ્રી વિરલભાઈ, અભિષેક ભગત અને ગણપત ભગતે કરાવી હતી.

સાંજના આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શિકાગોથી કેનેડાના હરિભક્તોને દર્શનનું સુખ આપવા પધાર્યા હતા. સાથે પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) પધાર્યા હતા.

તા. ૬-૮-૧૮ના પાટોત્સવના શુભ દિને સવારે ૮ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક નિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનું પૂજન આદિ વિધિવત રીતે સંપન્ન થયું.

કથાની પૂર્ણાહુતિની આરતી બાદ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી યજમાન હરિભક્તો દ્વારા કરવામાં આવી હતી. અને સંતોનું પૂજન પણ કરવામાં આવ્યું. યજમાનશ્રીઓ તરફથી ચાંદીના સિક્કાથી શ્રીહરિકૃષ્ણ મહારાજની રજત તુલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. એન.એન.ડી.વાય.એમ. આયોજીત ઈસો ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને મેન ઓફ ધ મેચ, બેસ્ટ બોલર - બેસ્ટમેન, એમ્પાયર, કોમેન્ટેટર, વગેરેને ટ્રોફી મેડલ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે એનાયત થયા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આપણા સત્સંગી યુવાનોની પ્રવૃત્તિને બિરદાવીને રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે, મંદિરના વિકાસમાં, સત્સંગમાં તમામ નાના-મોટા હરિભક્તો ભાગ લઈ સત્સંગને દિપાવે અને આપ સૌ તન, મન અને ધનથી સંપન્ન બનો અને સૌનું શ્રીહરિ શ્રેય અને મંગળ કરે તેવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી હતી. પ.પૂ. મહારાજશ્રીએ ક્રિકેટના સ્પોન્સર, મહેમાનો, મહાનુભાવો, મિડિયા અને યજમાનશ્રીનું સુંદર સન્માન કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

સમસ્ત સત્સંગી બહેનો દ્વારા બનાવેલ સુંદર છપ્પન ભોગ અન્નકૂટ ઠાકોરજી સમક્ષ ધરાવીને પ.પૂ. મહારાજશ્રી સાથે યજમાનશ્રીએ આરતી ઉતારી હતી. તમામ પ્રસંગોમાં હરિભક્તોએ યજમાન બની અને ઉત્સવમાં ભાઈઓ-બહેનો અને વડીલ હરિભક્તોની તમામ પ્રકારની સેવા પ્રેરણારૂપ હતી. છેલ્લે પ્રેસિ. પ.ભ. દશરથભાઈ ચૌધરીએ આભાર વિધિ કરી હતી. સમગ્ર મહોત્સવનું સુંદર સભા સંચાલન પ.ભ. રસિકભાઈ પટેલે કુશળતા પૂર્વક સંભાળ્યું હતું.

(ભાઈલાલભાઈ પટેલ - ટોરન્ટો)

### છપૈયાધામ પારસીપની ગુરુ પૂર્ણિમા મહોત્સવ

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ પારસીપની મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી આપણા છપૈયાધામ હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૮-૭-૧૮ શનિવારે સાંજના ૫ થી ૮ સંત-હરિભક્તોએ ગુરુપૂર્ણિમા મહોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. નિજ મંદિરમાં ઠાકોરજી સમક્ષ મહામંત્ર ધૂન, કીર્તન, ભક્તિ કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન કરીને સ્વામીએ ગુરુ પૂર્ણિમા અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વયં શ્રીહરિએ પોતાના સ્થાને પ્રસ્થાપિત કરેલ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની ગુરુ પરંપરા વેદ પરંરાગત સમજાવી હતી. યજમાન પરિવારનું સન્માન કરી ઠાકોરજીને થાળ આરતી નિયમ કરી સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ભાગી બન્યા હતા.

(પ્રવિણ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ગુરુપૂર્ણિમા મહોત્સવ

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરમાં સેવા પૂજા કરતા ભરત ભગતના માર્ગદર્શનથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ખાતે ૨૮ મી જુલાઈ સાંજના ૫ થી ૮ દરમ્યાન ગુરુપૂર્ણિમા પ્રસંગે ઠાકોરજી સમક્ષ સૌ પ્રથમ યુવા હરિભક્તોએ શ્રીહરિનામ સ્મરણ ધૂન-કીર્તન કરીને સભામાં આપણા સૌના ગુરુ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન યજમાન પરિવારે પણ સાથે કર્યું હતું.

ભરત ભગતે સમસ્ત સંપ્રદાયના ગુરુ સ્થાને વિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને ધર્મકુળનું મહિમા-માહાત્મ્ય સૌને સરળ ભાષામાં સમજાવ્યું હતું. ત્યારબાદ યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. થાળ અને શયન આરતી કરી ઠાકોરજીને પોઢાડીને નિયમ કરી સૌએ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(પ્રવિણભાઈ શાહ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પરમ પૂજ્ય મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા હ્યુસ્ટન મંદિરના પૂજારી સુવ્રત સ્વામી અને મહેન્દ્ર ભગત અને હરિભક્તોના સુંદર સહયોગથી આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૪ જુલાઈ શનિવાર સાંજના રથયાત્રા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો. સંત-હરિભક્તોએ રથને શણગારી શ્રી નિતીનભાઈ શુકલે સંસ્કૃતના શ્લોક બોલીને ઠાકોરજીને બિરાજમાન કરી ધૂન-ભજન-કીર્તન કરતા અષ્ટલક્ષ્મી મંદિર પહોંચ્યા હતા. છેલ્લે આપણા મંદિરમાં ઠાકોરજીને રથ સાથે પધરાવી આરતી ઉતારી હતી.

યજમાન પરિવાર સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રી હનુમાનજી મહારાજની સમૂહ આરતી કરીને શ્રી હનુમાન ચાલીસા - જનમંગલ પાઠ કર્યા હતા. યજમાન પરિવારનું સન્માન કરી ઠાકોરજીને થાળ ધરાવી નિયમ કરી સૌએ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| અધિક જેઠ વદ-૮ | પટેલ મેનાબેન પ્રહલાદભાઈ (મોહનથાળ) | વડુ |
| અધિક જેઠ વદ-૮ | શાંતાબેન ભગવાનભાઈ ચાણસમીયા (મોહનથાળ) | ઉંઝા |
| અધિક જેઠ વદ-૮ | ચૌધરી જાનુરામ મેધારામ (મોહનથાળ) | દેવદાકાગોલીયા (રાજ.) |
| અધિક જેઠ વદ-૮ | અ.નિ. હાલાઈ ભીમજી કુંવરજી (મૈસુબ) | લંડન |
| અધિક જેઠ વદ-૯ | શિવ, શ્રીયા અને ધ્રુવના જન્મ પ્રસંગે હ. વિનોદભાઈ (રસપુરી) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૯ | રાજેન્દ્રકુમાર સોમેશ્વરભાઈ (મગસ) | રનેલા |
| અધિક જેઠ વદ-૯ | જીવરાજભાઈ પરસોતમભાઈ ડાહ્યાભાઈ (મૈસુબ) | |
| અધિક જેઠ વદ-૯ | પાલડીયા શીવીબેન રામજીભાઈ (મોહનથાળ) | ઉંઝા |
| અધિક જેઠ વદ-૯ | અમરબાઈ કરશન (મોહનથાળ) | દહીંસરા-કચ્છ |
| અધિક જેઠ વદ-૧૦ | પટેલ ભાવનાબેન દિનેશકુમાર (ગુલાબજાંબુ) | રાજપુર |
| અધિક જેઠ વદ-૧૦ | ઘનશ્યામભાઈ ત્રિભોવનદાસ (મૈસુબ) | ચૂડા |
| અધિક જેઠ વદ-૧૦ | પટેલ આકાશ મનોજભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૧૦ | પટેલ વાડીભાઈ ચિમનભાઈ (મૈસુબ) | રાણીપ |
| અધિક જેઠ વદ-૧૦ | નુંગરા હીરાબેન ઈશ્વરલાલ (મોહનથાળ) | ઉંઝા |
| અધિક જેઠ વદ-૧૦ | ભાવસાર નીતિનભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૧૦ | ભાવસાર નંદલાલ સોમાલાલ (મૈસુબ) | વિસનગર |
| અધિક જેઠ વદ-૧૧ | ફરાળી - ઠક્કર માલવ પરેશભાઈ (ડ્રાયફ્રુટ હલવો) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૧૧ | પટેલ યોગેન્દ્રભાઈ ભગુભાઈ (ડ્રાયફ્રુટ હલવો) | ગાંધીનગર |
| અધિક જેઠ વદ-૧૧ | રણછોડભાઈ ભગત (ડ્રાયફ્રુટ હલવો) | કુડાસણ |
| અધિક જેઠ વદ-૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર સ.ગુ.શા.સ્વા. નિત્યસ્વરૂપદાસજી (કાજુબદામ મૈસુબ) | |
| અધિક જેઠ વદ-૧૨ | સ.ગુ. પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી (રસપુરી) | ગાંધીનગર |
| અધિક જેઠ વદ-૧૨ | ચૌધરી વરવાભાઈ પ્રભુદાસ (ચુરમાના લાડુ) | બાલવા |
| અધિક જેઠ વદ-૧૨ | નાનજીભાઈ પટેલ (મગસ) | લંડન |
| અધિક જેઠ વદ-૧૨ | નાના માચીયાળા સત્સંગ મહિલા મંડળ (રરસપુરી) | |
| અધિક જેઠ વદ-૧૨ | પ્રેમ સખી મહિલા મંડળ (ચુરમાના લાડુ) | દેદાદરા |
| અધિક જેઠ વદ-૧૨ | મિનાક્ષીબેન (ચુરમાના લાડુ) | અમેરિકા |
| અધિક જેઠ વદ-૧૨ | પટેલ કંકુબેન મણીલાલ (મગસ) | વાગોસણા |
| અધિક જેઠ વદ-૧૨ | પટેલ દેવાંગભાઈ મુકેશભાઈ (માલપુંવા) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | પટેલ ઘનશ્યામભાઈ નરોતમભાઈ (રસપુરી) | દેઉસણા |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | પટેલ અંબાલાલ કોદરદાસ (સાટા) | ગવાડા |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | કાશીબેન પ્રભુદાસ (મગસ) | સાબરમતી |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર (રસપુરી) | નવા વાડજ |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | પટેલ જય યોગેશભાઈ (મગસ) | કલોલ |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | પટેલ પ્રવિણભાઈ ગોવિંદભાઈ (રસપુરી) | પલીયડ |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | પટેલ અંબાલાલ કાળીદાસ (મગસ) | ડાંગરવાવાળા |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | હર્ષદ કોલોની સ્વા. મંદિર મહિલા મંડળ (ચુરમાના લાડુ) | બાપુનગર |
| અધિક જેઠ વદ-૧૩/૧૪ | અ.નિ. ગોવિંદભાઈ રામજીભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ઈન્દોર |
| અધિક જેઠ વદ-૩૦ | પટેલ કિંજલબેન પવનકુમાર (મૈસુબ) | |
| અધિક જેઠ વદ-૩૦ | સત્સંગી બહેનો (માલપુંવા) | |
| અધિક જેઠ વદ-૩૦ | અ.નિ. નર્મદાબેન વસંતભાઈ ટાંક (રસપુરી) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૩૦ | પટેલ ઈન્દુભાઈ મણીભાઈ (મોહનથાળ) | સાબરમતી |
| અધિક જેઠ વદ-૩૦ | અ.નિ. કુંવરજીદાદા, પટેલ વર્ષાબેન મનસુખભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૩૦ | રાબડીયા ખીમજીભાઈ નારણ (મૈસુબ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૩૦ | ગજ્જર વાસુદેવભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૩૦ | સોલંકી ઈલાબેન રામજીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અધિક જેઠ વદ-૩૦ | પટેલ હરેશકુમાર કાલીદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧ | રાદડીયા શાંતાબેન બચુભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧ | સુરેલીયા જયંતીલાલ નારણદાસ (બુંદી) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧ | પટેલ વીણાબેન રાવજીભાઈ (મોહનથાળ) | અમેરિકા |
| નિજ જેઠ સુદ-૧ | હવેલી મહિલા મંડળ (રસપુરી) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧ | એક હરિભક્તબેન (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૨ | ગીરીશભાઈ રાવજીભાઈ (ડ્રાઈફ્રૂટ હલવો) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૨ | અ.નિ. મેઘબાઈ વિરજી રાબડીયા (ડ્રાઈફ્રૂટ હલવો) | નાગલપુર-કચ્છ |
| નિજ જેઠ સુદ-૪ | પટેલ વસંતભાઈ નટવરલાલ (મોહનથાળ) | અમદાવાદ |

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| નિજ જેઠ સુદ-૪ | પટેલ કનૈયાલાલ પ્રહલાદભાઈ (મગસ) | કોઠા |
| નિજ જેઠ સુદ-૪ | અ.નિ. પટેલ ગંગાબેન રતિભાઈ (ટોપરાપાક) | ઉવારસદ |
| નિજ જેઠ સુદ-૪ | પટેલ રમેશભાઈ જીવાભાઈ (મોહનથાળ) | મોટેરા |
| નિજ જેઠ સુદ-૪ | મોદી પ્રવિણભાઈ મણીલાલ (ચુરમાના લાડુ) | |
| નિજ જેઠ સુદ-૪ | ઝાલા સુરસિંહ ચંદ્રસિંહ (મગસ) | આણંદ |
| નિજ જેઠ સુદ-૪ | ઠક્કર પ્રણવકુમાર જગદીશભાઈ (રસપુરી) | |
| નિજ જેઠ સુદ-૫ | સોની પ્રવિણચંદ્ર મગનલાલ (ડ્રાઈફ્રૂટ હલવો) | |
| નિજ જેઠ સુદ-૬/૭ | અ.નિ. વરસાણી રામજી દેવજી (ચુરમાના લાડુ) | કચ્છ |
| નિજ જેઠ સુદ-૮ | રાબડીયા પ્રેમબાઈ વિશ્રામ (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| નિજ જેઠ સુદ-૯ | સાં. રસીલાબા (ચુરમાના લાડુ) | ભારાસર (કચ્છ) |
| નિજ જેઠ સુદ-૯ | હિરાણી ભારતી જાદવજી (ચુરમાના લાડુ) | માધાપર-કચ્છ |
| નિજ જેઠ સુદ-૯ | ખેતાણી ધનબાઈ નાથા (ચુરમાના લાડુ) | મદનપુર-કચ્છ |
| નિજ જેઠ સુદ-૯ | કેસરા હરજી નારણ (ચુરમાના લાડુ) | ભારાસર-કચ્છ |
| નિજ જેઠ સુદ-૯ | હાલાઈ બીનાબેન મનજીભાઈ (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| નિજ જેઠ સુદ-૧૦ | શ્રીહરિ અંતર્ધાન તિથિ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (ચુરમાના લાડુ) | |
| નિજ જેઠ સુદ-૧૨ | સ.ગુ. શા.સ્વા. નિત્યસ્વરૂપદાસજી (શ્રી સ્વા. મંદિર સરધાર) (મૈસુબ) | |
| નિજ જેઠ સુદ-૧૨ | પાટડીયા મનીષભાઈ જીતુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧૨ | વેકરીયા શામજીભાઈ કાનજી (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| નિજ જેઠ સુદ-૧૨ | મોદી ભરતભાઈ કચરાલાલ (મોહનથાળ) | નરોડા |
| નિજ જેઠ સુદ-૧૨ | સોની દિપકભાઈ મણીલાલ (મગસ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧૨ | પટેલ ચતુરભાઈ ગોવિંદભાઈ (મોહનથાળ) | ઝુંડાલ |
| નિજ જેઠ સુદ-૧૨ | મોદી પ્રવિણભાઈ મણીલાલ (મૈસુબ) | મોડાસા |
| નિજ જેઠ સુદ-૧૨ | કામદાર મયંકભાઈ અનંતભાઈ (મગસ) | પોરબંદર |
| નિજ જેઠ સુદ-૧૨ | અ.નિ. પટેલ શંકરભાઈ ગોબરભાઈ (મગસ) | સાયરા |
| નિજ જેઠ સુદ-૧૩ | સિધ્ધપુરા કિશન રણછોડભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧૪ | અ.નિ. પટેલ ગંગાબેન જીવાભાઈ (ચુરમાના લાડુ) | પોર |
| નિજ જેઠ સુદ-૧૪ | અ.નિ. નસીત વલ્લભભાઈ ભુરાભાઈ (સાટા) | અમદાવાદ |
| નિજ જેઠ સુદ-૧૪ | ડૉ. જગદીશ ધનજીભાઈ હાલાઈ (ચુરમાના લાડુ) | નારણપર-કચ્છ |
| નિજ જેઠ સુદ-૧૫ | સ.ગુ. શા.સ્વા. નિત્યસ્વરુપદાસજી (શ્રી સ્વા. મંદિર સરધાર) (મોહનથાળ) | |
| નિજ જેઠ સુદ-૧૫ | રાઘવાણી કરસન કાનજી (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| નિજ જેઠ વદ-૧ | પ્રાણભાઈ પીતાંબરદાસ (મોહનથાળ) | હળવદવાળા |
| નિજ જેઠ વદ-૨ | ડૉ. નિર્ભય મહારાણા (માલપુંવા) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૨ | પરમાર કિશોરસિંહ બહાદુરસિંહ (ડ્રાઈફ્રુટ હલવો) | ગોધાવી |
| નિજ જેઠ વદ-૩ | સોની વિનોદચંદ્ર નારણદાસ (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૩ | પટેલ મંગુબેન ભલાભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | કુબડથલ |
| નિજ જેઠ વદ-૩ | વિઠ્ઠલાણી રાધાબેન વનમાળીદાસ (ચુરમાના લાડુ) | મુંબઈ |
| નિજ જેઠ વદ-૩ | સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (ચુરમાના લાડુ) | કલ્યાણપુરા |
| નિજ જેઠ વદ-૩ | અ.નિ. હિનાબેન કૌશિકભાઈ રાજપરા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૩ | જયસિયારામ દેવુ ભગત (ચુરમાના લાડુ) | પોરબંદર |
| નિજ જેઠ વદ-૪ | અ.નિ. પરમાર કરશનભાઈ ડાહ્યાભાઈ (ચુરમાના લાડુ) | બળોલ-ભાલ |
| નિજ જેઠ વદ-૫ | હાલાઈ અરવિંદ કેશરા (ચુરમાના લાડુ) | બળદીયા-કચ્છ |
| નિજ જેઠ વદ-૭ | પટેલ શૈલેષકુમાર ડાહ્યાલાલ (ચુરમાના લાડુ) | ભાઉપુરા |
| નિજ જેઠ વદ-૮ | અ.નિ. છભાડીયા વાલબાઈ કુંવરજી (મગસ) | માંડવી-કચ્છ |
| નિજ જેઠ વદ-૮ | અ.નિ. કુંવરબાઈ લક્ષ્મણભાઈ (મગસ) | બળદીયા-કચ્છ |
| નિજ જેઠ વદ-૯ | અ.નિ. ચંદ્રિકાબેન ચંદ્રકાન્ત મહેતા (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૯ | અ.નિ. સ્વામી ઈશ્વરજીવનદાસજી (બુંદીના લાડુ) | ગઢપુર |
| નિજ જેઠ વદ-૧૦ | સત્સંગી મહિલા મંડળ (ચુરમાના લાડુ) | ધોળકા |
| નિજ જેઠ વદ-૧૦ | મીસ્ત્રી બચુભાઈ દેવસીભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૧૦ | પટેલ કેવન જસુભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| નિજ જેઠ વદ-૧૨ | સ.ગુ. શા.સ્વા. નિત્યસ્વરુપદાસજી (શ્રી સ્વા. મંદિર સરધાર) (મૈસુબ) | |
| નિજ જેઠ વદ-૧૨ | ગોધરા મહિલા મંડળ (મોહનથાળ) | |
| નિજ જેઠ વદ-૧૨ | પટેલ દિપ મનહરભાઈ (મોહનથાળ) | વડુ |
| નિજ જેઠ વદ-૧૨ | પટેલ ભોળીબેન બિન્દેશભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| નિજ જેઠ વદ-૧૨ | અ.નિ. હાલાઈ રત્નાભાઈ હરજીભાઈ (મોહનથાળ) | ગોડપર-કચ્છ |
| નિજ જેઠ વદ-૧૨ | સાં.યો. જ્યોત્સનાબા (મોતૈયા લાડુ) | હળવદ |
| નિજ જેઠ વદ-૧૩ | અ.નિ. દેવજી કરશન (મોહનથાળ) | બળદીયા-કચ્છ |
| નિજ જેઠ વદ-૧૪ | નાકરાણી લાલજી રામજી (મોહનથાળ) | આમારા-કચ્છ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ અને વિહાન આદિ પરિવાર લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા ઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થેઅ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા લંડન-ફોટડી (કચ્છ) ઈસ્ટ
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાબુંડાવાળા
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ડાંગરવા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૫૦૦/- પટેલ કપીલાબેન જીવાભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે નાંદોલ
૧૦૧/- બારોટ ઉત્સવકુમાર ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- મોદી વિનુભાઈ નાથાલાલ શ્રીજી પ્રસન્નાર્થે નવાવાડજ
૧૦૧/- ભાવસાર હિમાંશુ મહેશભાઈ જન્મ દિને કલોલ
૧૦૦/- પરમાર ભગવતસિંહ ગેમરભાઈ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે ભાયલા
૧૦૧/- પ્રજાપતિ રૂદ્ર નરેન્દ્રકુમાર જન્મ દિને મોટેરા
૨૦૦/- પટેલ હાર્દિક કનુભાઈ કંપનીમાં મેનેજર બન્યા તે નિમિત્તેઅમદાવાદ
૨૦૦/- પટેલ એકતા કનુભાઈ લંડનમાં લગ્ન થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- અ.નિ. ભાવસાર પરસોતમદાસ વનમાળીદાસ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે વડનગર
૧૦૧/- મકવાણા પુષ્પાબેન અમૃતબાઈ શ્રીજી પ્રસન્નાર્થે પૂના
૨૫૦/- પટેલ નિલેશ હરિકૃષ્ણભાઈ એચ-૧ અમેરિકાના વિઝા નિમિત્તે વિહાર
૨૫૦/- પટેલ અવનિ નિલેશભાઈ એચ-૧ અમેરિકાના વિઝા નિમિત્તે વિહાર
૧૫૦/- પટેલ ગાંડાભાઈ ઈશ્વરદાસ ચિ. પૌત્ર હર્ષના જન્મ દિને ગોવિંદપુરાવેડા
૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ ગુરુ પૂર્ણિમા પ્રસંગે સેટેલાઈટ
૧૦૦/- ઠાકર રમાબેન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ આદર્શ વિક્રમભાઈ ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે ગવાડા
૧૦૦/- મોદી નટવરલાલ ગંગારામ પૌત્રીના જન્મ પ્રસંગે પ્રાંતિજ
૫૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- પટેલ રૂદ્ર અનિલભાઈ અમૃતભાઈ જન્મ દિને વડુ
૨૦૦/- પટેલ રંજનબેન પ્રકાશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હિલોલ
૧૦૧/- પટેલ રૂવિન પાર્થકુમાર જન્મ દિને અમદાવાદ
૧૦૦/- ત્રિવેદી ઘનશ્યામભાઈ એમ. શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૩૦૧ વ્યાસ શશીકાન્ત પી. ચિ. પુત્ર મિતેશના જન્મ દિને ગાંધીનગર
૨૦૦/- પટેલ જીતેન્દ્રભાઈ જયંતીભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ટ્રેન્ટ
૫૦૦/- પટેલ દર્શિત જનકભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે ધમીજ
૧૦૦/- કા. પટેલ હાર્દિક નિતીનભાઈ જન્મ દિને કપડવંજ
૧૦૦/- પટેલ મિતેશકુમાર કેશવલાલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે નરોડા
૧૦૦/- પટેલ અતુલભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૫૧/- સાપરીયા હસમુખભાઈ હિરજીભાઈ ફોર્ડ એસ્પાયર ગાડી લાવ્યા તે નિમિત્તે સુરત
૫૦૦/- જોશી કિંજલબેન સત્યાર્થકુમાર કપડવંજ ગર્વમેન્ટ જોબ મળી તે નિમિત્તે કપડવંજ
૨૦૦/- પટેલ પંકજભાઈ જીનેશ અને ખુશીને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૧/- વાઘેલા કિરીટસિંહ લખવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૨૦૦/- વણોલ ભાવનાબેન નારણભાઈ ચિ. નૈતિકના જન્મ દિને ડુમાણા
૧૧૧૧/-પટેલ ચંદ્રિકાબેન ગોરધનભાઈ નોકરીમાંથી નિવૃત્ત થયા તે નિમિત્તે કડી-કુંડાલ
૧૦૦/- પટેલ લક્ષ જીગરભાઈ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ રેયાન્સ પ્રતિકભાઈ જન્મ પ્રસંગે ડાંગરવા
૧૦૦/- મારવી વ્રજેન - યશ્વી ગુરુ પૂર્ણિમા નિમિત્તે મુંબઈ
૧૦૦/- ચોટલીયા પ્રિયંકાબેન પ્રેમજીભાઈ જન્મ દિને ઘૂડકોટ
૧૦૦/- પટેલ ભૂમિબેન ચંદ્રેશભાઈ જન્મ દિને બાયડ
૧૦૦/- પટેલ અશ્વિનભાઈ સીતારામ ચિ. અવિને બી.ઈ. સિવિલમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે ઉંઝા
૧૦૧/- પૂજારી અશ્વિન શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૧/- પટેલ હરસિધ્ધિબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/- પટેલ પ્રીતિબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- પટેલ ભૂમિબેન મયુરભાઈ જન્મ દિને ચંદ્રાલા
૧૦૦/- ગાંગાણી મગનભાઈ વેલજીભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે અમદાવાદ
૧૦૫/- પટેલ અશોકભાઈ પૂંજાભાઈ ૬૪ માં જન્મ દિને ધનસુરા
૨૦૦/- અ.નિ. પટેલ વિજયકુમાર પરસોતમભાઈ પુણ્યતિથિ નિમિત્તે વાલાખેડી
૧૦૦/- પટેલ અમૃતભાઈ પૂંજાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૦/- પટેલ રમેશભાઈ સુખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- પટેલ માણેકલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- પટેલ સુરેન્દ્રભાઈ વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૦/- પટેલ મનસુખભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૦/- પટેલ જશાદાબેન ગણેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૧૦૦/- પટેલ અંબાલાલભાઈ વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૫૦૦/- પટેલ રમણભાઈ સોમાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૧૧૧૧/-પટેલ હિરલબેન વાડીલાલ ગુરુ પૂર્ણિમા પ્રસંગે ગોઠીબ
૧૦૦/- પટેલ વિધિબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા
૧૦૦/- પટેલ સમીરભાઈ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીમરીકંપા
૧૦૦/- ચૌધરી હર્ષિલ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૧૦૦/- ચૌધરી નિતૃણ્ય ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા

# શ્રી સ્વામિનારાયણ

૧૦૦/- પટેલ પરેશ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- ચૂડગર મૌલિનભાઈ હર્ષવદન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- વાઘેલા વસુબા હેમુભા શ્રીજી પ્રસન્નાર્થે બામણવા
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ અંબાલાલ ભગત ગુરુ પૂર્ણિમા પ્રસંગે વડુ
૧૦૦/- પટેલ સંજયકુમાર ગોવિંદભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે વડુ
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ અમદાવાદ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૨૦૦/- પટેલ ધ્યાન ઘનશ્યામભાઈ ધો-૫ માં ૯૯ ટકા ઉંઝા
અને જવાહર નવોદય પરીક્ષામાં નંબર આવ્યો તે નિમિત્તે
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- પટેલ જગદીશભાઈ હેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ પિયુષભાઈ ગીરીશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૧/- મોદી ભરતકુમાર અમૃતલાલ માણસા
ચિ. રિન્કલને પ્રમોશન નિમિત્તે
૫૦૦/- ચાવડા જયદિપ રમેશભાઈ ગ્રહણ નિમિત્તે વિરમગામ
૧૫૧/- ઠક્કર રંજનબેન સુરેશભાઈ રેવાબાની વેજલપુર
પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ રમીલાબેન કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૦/- અ.નિ. મોરી ધૂળીબેન રૂપાભાઈના સ્મણાર્થે ડેડીયાસણ
૧૦૧/- પટેલ રંજનબેન માણેકલાલ ગુરુ પૂર્ણિમા પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ અશ્વિનકુમાર ચંદુલાલ વાગોસણા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- વસ્તાણી સોનલ રમેશભાઈ જન્મ દિને તોરીરામપુર
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૦/- જયમીન હર્ષિલકુમાર જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ દ્રશ્ય ગૌરવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જમીયતપુરા
૧૦૦/- ચૌહાણ મહેશભાઈ મનસુખભાઈ સંદિપ-પ્રીત મુંબઈ
ગુરુ પૂર્ણિમા પ્રસંગે
૫૦૨/- પટેલ જીયા રાજ પટેલ ધીલોન રાજ અમદાવાદ
બ્રિટીશ પાસપોર્ટ મળ્યો તે નિમિત્તે
૧૦૦/- પટેલ અમિતભાઈ નટવરભાઈ નવી ગાડી નિમિત્તે સાબરમતી
૧૦૦/- પટેલ આશિષભાઈ નટવરભાઈ જન્મ દિને સાબરમતી
૫૦૧/- પોરીયા સંગીતાબેન ભાણજીભાઈ ચિ. જીયાના જન્મ પ્રસંગે સુરત
૧૦૦/- પટેલ ક્રિશ તેજેશભાઈ જન્મ દિને ઉવારસદ
૧૦૦/- પટેલ હસમુખભાઈ રાવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પટેલ કુલદિપ મહેશભાઈ જન્મ દિને એરવાડા
૨૫૧/- પટેલ બાબુલાલ મફતલાલ ચિ. રાજુલ તથા નારણપુરા કડી
ધાર્મિકના જન્મ પ્રસંગે
૧૦૦/- પટેલ ડાહ્યાભાઈ મગનદાસ શ્રીજી પ્રસન્નાર્થે બાન્ટાઈ
૧૦૨/- પટેલ અલ્પેશભાઈ વિષ્ણુભાઈ ચિ. સંજયના લગ્ન પ્રસંગેઆનંદપુરા
૧૧૦૦/- ડાભી જનકબેન રમેશભાઈ સુરેન્દ્રનગર
ચિ. બિન્દુના ભાણાના જન્મ પ્રસંગે (વાળાધરી)
૧૦૦/- પટેલ મંજુબા દિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૫૦/- ચૌહાણ કૌશલ ભાણજીભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે અમદાવાદ
૧૦૧/- વોરા હંસાબેન માંચાભાઈ ગ્રહણ નિમિત્તે રંગપુર
૧૦૦/- પટેલ આકાશ રમણભાઈ જન્મ દિને મારૂસણા
૧૦૦/- પટેલ રમણભાઈ ગોપાલદાસ શકરીબેનની મારૂસણા
પુણ્યતિથિ નિમિત્તે

૧૫૦/- પટેલ મંજુલાબેન જીવણલાલ નવું મકાન લીધું તે નિમિત્તે મારૂસણા
૧૦૦/- પટેલ જીતેન્દ્રભાઈ બી. ચિ. રાજના જન્મ પ્રસંગે વિહાર
૧૦૧/- શ્રુતિબેન પ્રજ્ઞેશકુમાર જન્મ દિને બાલાસિનોર
૧૦૦/- પટેલ કોકીલાબેન રમેશભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે ધનસુરા
૧૦૦/- પટેલ કૈલાશબેન ગોવિંદભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે ધનસુરા
૧૦૧/- વરૂ વિશાલ મહેશભાઈ જન્મ દિને જીરાગઢ
૧૦૧/- અ.નિ. મોદી પ્રહલાદભાઈ ડાહ્યાલાલના સ્મરણાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રમાબેન મનહરભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે બાયડ
૧૦૦/- પટેલ જીજ્ઞાબેન મહેશભાઈ શ્રીમંત પ્રસંગે બાયડ
૨૦૦/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પરમાર પ્રણવ ભાવેશભાઈ જન્મ દિને રાજકોટ
૧૦૧/- પટેલ પરસોતમ વલ્લવ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- પટેલ બચુભાઈ જીવરામભાઈ પુણ્ય તિથિ નિમિત્તે મેડા
૧૦૦/- પટેલ રોહિતભાઈ પ્રહલાદભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે ભાઉપુરા
૧૦૦/- પટેલ હેત ચેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ યુવરાજકુમાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- મોદી બાબુલાલ માધવલાલ ગુરુપૂર્ણિમા પ્રસંગે નરોડા
૨૦૦/- પટેલ ભાવેશ હર્ષકાન્ત જન્મ દિને હિરામોતી
૫૦૦/- ચૌધરી લીલાબેન સોમાભાઈ બાલવા
ચિ. અશોકભાઈ (અમેરિકા)ના જન્મ દિને
૨૦૦/- ચૌધરી રશ્મિતાબેન ભાણો હરિકૃષ્ણ (અમેરિકા) બાલવા
ગુરુપૂર્ણિમાના બર્થ-ડે નિમિત્તે
૨૦૦/- ચૌધરી રવિ તથા કલ્પેશ ગુરુપૂર્ણિમના જન્મ દિને બાલવા
૨૦૦/- પટેલ વ્યોમ પ્રિયંકકુમાર - હર્ષ અંકિતકુમાર જન્મ દિને વહેલાલ
૧૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે કરજીસણ
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે કાલીયાણા
૧૫૦/- પટેલ ભગાભાઈ દ્વારકાદાસ આનંદપુરા(કુ.)
ચિ. ચેતનને ગર્વમેન્ટ જોબ મળી તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી સુરેશભાઈ સેંધાભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે બાલવા
૧૦૦/- ચૌધરી વિષ્ણુભાઈ સેંધાભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે બાલવા
૧૦૦/- કા. સ્મિત, રવિ, પ્રેરક ગુરુપૂર્ણિમા પ્રસંગે લુણાવાડા
૧૦૦/- મોરી દેવીબેન શંકરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેડીયાસણ
૧૦૧/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- હિરેન અરવિંદભાઈ જન્મ દિને અમદાવાદ
૨૦૧/- પટેલ હિનાબેન રજનીકુમાર જન્મ દિને કોલવડા
૨૦૦/- ઠક્કર જીવણલાલ નાથાલાલ નવું મકાન લીધું તે નિમિત્તે વેજલપુર
૧૦૦/- પટેલ ક્રિશા જીનેશભાઈ તા. ૧૦-૮ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ અરૂણાબેન કિરીટકુમાર ડાંગરવા
ચિ. ભાણો ઓમના જન્મ દિને
૧૦૦/- કા. હરિકૃષ્ણ કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કપડવંજ
૨૫૦/- ડૉ. ઉમંગ કિશોરભાઈ ચૌહાણ રાજકોટ
એમ.ડી.માં એડમીશન નિમિત્તે
૧૦૦/- સુથાર કુંજ કૃણાલ શ્રીજી પ્રસન્નાર્થે રાબડીયા
૧૦૦/- ચૌહાણ દેવેન હેતાંશુ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૧/- સોની કાશ્મીરાબેન તથા વિમલ મહેશકુમાર જન્મ દિને કાંકરિયા
૧૫૦/- મોજીદરા કંચનભાઈ ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીનગર
૧૦૦/- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ બોપલ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૦/- પટેલ સૂજલ અલ્કેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ ખ્વાઈશ ધવલકુમાર શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૨૫૧/- દૂધાત અલ્પેશભાઈ કાળુભાઈ નિકોલ
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે

# શ્રી સ્વામિનારાયણ

૧૦૦/- દૂધાત પ્રિયંકા અલ્પેશભાઈ જન્મ દિને — નિકોલ
૧૦૧/- પટેલ હિર સમીર જન્મ દિને — મોખાસણ
૧૦૦/- અ.નિ. અમીન સુલોચનાબેન દિનુભાઈ પુણ્યતિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- કા. મુકુન્દભાઈ શાંતિલાલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ હિંડોળા નિમિત્તે — સેટેલાઈટ
૫૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પલના જન્મ દિન પ્રસંગે — કરજીસણ
૧૦૦/- શ્રીમાળી મધુબેન વિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — એરાસણ
૧૦૦/- મોરી એકતાબેન યોગેશકુમાર સગાઈ નિમિત્તે — ડેડીયાસણ
૨૦૦/- પટેલ સુરેશભાઈ કેશાભાઈ જન્મ દિને — હિંમતનગર
૧૭૧/- મંગુબા (૮૪ વર્ષ) પરસોતમદાસ (૮૭ વર્ષ) સારા સુંદર સ્વાસ્થ્ય નિમિત્તે — વડુ
૧૦૦/- રાવળ પ્રવિણભાઈ છગનભાઈ નવી ઓટોપ્ટીકા ગાડી નિમિત્તે — ડાંગરવા
૧૦૧/- પટેલ મૌલિક દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વાગોસાણા
૧૦૧/- પટેલ પ્રતિક કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — વાગોસણા
૧૦૦/- ચાવડા વાલીબેન જસુભાઈ પૌત્ર હિતાર્થના જન્મ દિને — બળોલ-ભાલ
૨૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ નારણદાસના સ્મરણાર્થે — મોખાસણ
૧૦૧/- કા. ચિમનલાલ મણીલા શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ
૧૦૧/- સુહાગીયા ચંદ્રિકાબેન શશીકાન્તભાઈ નવા મકાન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ રંજનબેન પ્રકાશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા
૧૦૧/- મહેતા જીવંતિકાબેન લક્ષ્મીકાંત ચિ. કોમલબેનનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે — અમદાવાદ
૨૧૦/- ચૌધરી કલ્પનાબેન સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્રથી સર્પ કરડવાથી રક્ષા કરી તે નિમિત્તે — લીંબોદરા
૧૧૧/- પટેલ નિલેશભાઈ રજનીકાંત શ્રીજી પ્રસન્નાર્થે — બોપલ
૨૦૦/- પટેલ રાજનકુમાર કચરાભાઈ અમેરિકામાં સીટીઝન થયા તે નિમિત્તે — ગવાડા
૧૦૦/- પટેલ દીલીપકુમાર કચરાભાઈ જન્મ દિને — ગવાડા
૧૦૧/- ચૌધરી જૈનિશ ઘનશ્યામભાઈ શંભુભાઈ જન્મ દિને — બાપુપુરા
૧૦૧/- અ.નિ. ડાભી હિરાબા બાદરજી ગલાજી ચિ. રાજાજી પરિવાર — ડાંગરવા
૧૦૧/- અ.નિ. ડોડીયા સૂજાબા ધીરૂભાઈ પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે — જવારજ
૧૦૧/- અ.નિ. પરમાર પ્રભાતસિંહ અદેસિંહના સ્મરણાર્થે — ગોલાણા
૧૦૧/- પટેલ ધૃહી નિલેશકુમાર તા. ૧૨-૮ જન્મ દિને — અમદાવાદ
૧૦૦૧/- પટેલ બાબુભાઈ મફતલાલ નવા ઘર નિમિત્તે — આનંદપુરા
૧૦૧/- ઠક્કર ગુણવંતભાઈ ચતુરભાઈ જન્મ દિને — બાલવા
૧૦૦/- કા. વિપલેશભાઈ મનુકાન્તભાઈ જન્મ દિને — મુંબઈ
૧૦૦/- કા. કરણ વિપલેશભાઈ જન્મ દિને — મુંબઈ
૧૫૧/- અ.નિ. વિઘેલા રણજીતસિંહ અર્જુનસિંહના સ્મરણાર્થે — ગોધાવી
૧૫૧/- અ.નિ. વાઘેલા રમેશભાઈ અર્જુનસિંહના સ્મરણાર્થે — ગોધાવી
૧૫૧/- અ.નિ. વાઘેલા વિરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહના સ્મરણાર્થે — ગોધાવી
૧૫૧/- અ.નિ. ઝાલા છત્રસિંહ ભરતસિંહના સ્મરણાર્થે — સમલા
૧૫૧/- બાશ્રી સજ્જનબા ફઈબા શ્રીજી પ્રસન્નાર્થે — સમલા
૧૦૦/- પટેલ નારણભાઈ મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગોઠીબ
૧૦૧/- શાહ અનીલકુમાર ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે — નવાવાડજ
૧૦૦/- પટેલ લલીતાબેન રમણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૦૦/- પટેલ રમણભાઈ મરઘાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૧૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સત્સંગી બહેનો શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. પટેલ અશોકભાઈ ચિનુભાઈ પુણ્યતિથિ નિમિત્તે — નવાગામ
૨૦૦/- પટેલ કુસુમબેન ડૉ. જી.કે. અમેરિકામાં પૂ. રાજાના હસ્તે "દેવસ્ય"ના ભૂમિ પૂજન પ્રસંગે — મહેસાણા
૨૦૧/- પટેલ જવલ દિનેશભાઈ જન્મ દિને — અંબાપુર
૧૦૦/- સિંધવ શાંતિભાઈ કરશનભાઈ ૬૧ માં જન્મ દિને — બળોલ-ભાલ
૫૦૦/- પટેલ ગોવિંદભાઈ નારાયણભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — માણેકપુર
૧૦૦/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઝુલાસણ
૫૦૦/- પટેલ વંશ તેજેન્દ્રકુમાર તા. ૨-૮-૧૩ જન્મ દિને — કડી
૫૦૦/- પટેલ તેજેન્દ્ર પરસોતમભાઈ ચિ. પુત્રી મીરાના તા. ૧૬-૮-૧૮ જન્મ દિને — કડી
૫૦૦/- પટેલ પરસોતમભાઈ શંકરભાઈ ચિ. ભાણો રવિન્દ્રના તા. ૨૨-૯-૧૮ ના જન્મ દિને — કડી
૧૫૧/- પટેલ અશોકભાઈ મણીભાઈ જન્મ દિને — બિલાસીયા
૧૦૧/- સુહાગીયા પ્રનિલ દિપેનભાઈ જન્મ દિને — અમદાવાદ
૨૦૦/- સોની બાબુલાલ મોહનલાલ ૯૭ માં જન્મ દિને — હિંમતનગર
૧૦૦/- મોદી ધ્રુવિલ ચેતનભાઈ રમણલાલ જોબ મળી તે નિમિત્તે — મણીનગર
૨૦૨/- ઠક્કર ચંદ્રકાન્ત અંબાલાલ ૭૫ વર્ષ પુરા થયા અને મણકાના સફળ ઓપરેશન નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ઠક્કર ભાનુબેન ચંદ્રકાતભાઈ ૭૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- ભાવસાર જે.જે. શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૧૦૦/- પટેલ અંકિતા અંકિતભાઈ ચિ. પુત્ર વિહાનના જન્મ પ્રસંગે — નિકોલ
૧૦૦/- ચૌધરી દેવેન્દ્ર અશોભાઈ તા. ૨૩-૯ જન્મ દિને — બાલવા
૧૦૦/- ચૌધરી નિયતિ અશોકભાઈ અમદાવાદ — બાલવા
૩૦૦/- અ.નિ. પટેલ વિશાલ અશોકભાઈ ૧૬ મી પુણ્ય તિથિ નિમિત્તે — વાવોલ
૫૦૧/- કાલીયાણા ગામ સમસ્ત મહિલા સત્સંગ મંડળ હ. સાં. બબુબા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**magazine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





1





2





3





૧. ટોરેન્ટો (કેનેડા) મંદિરના દશમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની પૂજનવિધિ કરતા તથા યુવકમંડળના સભ્યો સાથે દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. લેસ્ટર(યુ.કે.)મંદિરના ૧૪માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અભિષેક દર્શન તથા સભામાં લાભ લેતા હરિભક્તો. ૩. બોસ્ટન (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી દર્શન તથા ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરતા સંત હરિભક્તો. ૪.શ્રીાવણમાસ નિમિત્તે પારસીપની (અમેરિકા)મંદિરમાં કથા પારાયણ ૫. શ્રાવણમાસ દરમ્યાન દિયોદર મંદિરમાં કથપારાયણ કરતા મહિલા હરિભક્તો.

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020






# ખાત મુહૂર્ત










Follow Us On

Praful Kharsani